
# તબર્રુકાતની તા'ઝીમ

☆ ☆ ☆ ☆




**લેખક :** હઝરત સૈયદ મુહમ્મદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ

(ખલીફએ આ'લા હઝરત, સદરુલ અફાઝિલ)

**અનુવાદક :** પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી

(મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી, દયાદરા શાખા)



★ **પ્રકાશક** ★

**અંજુમને રઝાએ મુસ્તફા**

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ.

પિન : ૩૯૨૦૨૦. ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨.

પ્રકાશન નં. : ૧૦૨ | આવૃત્તિ–૨ | પ્રત : ૩૨૦૦

૧૨–રબીઉલ અવ્વલ શરીફ | હિ.સ. ૧૪૨૪ | મે–૨૦૦૩




## ☆ કસીદા નૂરકા ☆

(**અઝ** : આ'લા હઝરત મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ)

સુબ્હ તયબહ મેં હુઈ, બટતા હે બારા નૂર કા,
સદકા લેને નૂર કા, આયા હે તારા નૂર કા,

બારહવીં કે ચાંદ કા, મુજરા હે સદકા નૂર કા,
બારા બુરજોંસે ઝુકા, ઈક ઈક સિતારા નૂર કા,

તેરે હી માથે રહા એ જાન સેહરા નૂર કા,
બખ્ત જાગા નૂરકા, ચમકા સિતારા નૂર કા,

મૈં ગદા તૂ બાદશાહ ભર દે પિયાલા નૂર કા,
નૂર દિન દુના તેરા દે ડાલ સદકા નૂર કા

તૂ હય સાયા નૂર કા, હર અઝ્વ ટુકળા નૂર કા,
સાયે કા સાયા ન હોતા, હય ન સાયા નૂર કા,

નારીયોં કા દૌર થા દિલ જલ રહા થા નૂર કા,
તુમ કો દેખા હો ગયા, ઠંડા કલેજા નૂર કા,

તેરી નસ્લે પાક મેં હે, બચ્ચા બચ્ચા નૂર કા,
તૂ હૈ અયને નૂર, તેરા સબ ઘરાના નૂર કા,

નૂર કી સરકાર સે, પાયા દો શાલા નૂર કા,
હો મુબારક તુમ કો, ઝુન્નૂરૈન જોળા નૂર કા

ચાંદ ઝુક જાતા જિધર, ઉંગલી ઉઠાતે મહદમેં,
કયા હી ચલતા થા, ઈશારોં પર ખિલૌના નૂર કા,

એ **'રઝા'** યે **'અહમદે નૂરી'** કા ફયઝે નૂર હય,
હો ગઈ મેરી ગઝલ બળહકર કસીદા નૂર કા.

☆ ☆ ☆

## (પ્રથમ આવૃત્તિ વખતે......)

# ☆ અભિપ્રાય ☆

**અઝ :– હઝરત પીરે તરીકત સૈયદ કમરૂદ્દીનબાવા કારંટવી સાહબ**

بسم الله الرحمن الرحيم

અમ્માબાદ, ખુદાએ પાકનો લાખ લાખ શુક્રો એહસાન છે કે તેણે અમને રસૂલે પાકની ઉમ્મતમાં પેદા ફર્માવ્યા અને અહલે સુન્નત વ જમાઅતના તરીકા પર ચાલવાની તૌફીક બખ્શી. અલ્હમ્દુલિલ્લાહ ! **"તબર્રુકાત"** (આષાર)ની તાઝીમ કરવી, તેને ચુમવું જાઈઝ છે તેની અદબ કરવી જરૂરી છે. અલ્લાહપાક કુર્આન શરીફમાં ઈર્શાદ ફર્માવે છે :–

**વદ્ખુલુલ્બાબ સુજ્જદંવ્ વકૂલૂ હિત્તતુન્** (અર્થ : હે બની ઈસ્રાઈલ ! બૈતુલ મુકદસના દ્વારમાં સજદા કરતા દાખલ થાવ અને કહો; અમારા ગુનાહ માફ થાય.) ઉપરોકત આયતથી સ્પષ્ટ જણાય છે કે બૈતુલ્ મુકદસ જે અંબિયાએ કિરામનું આરામસ્થળ છે તેની તાઝીમ, સન્માન એ રીતે કરવામાં આવ્યું કે ત્યાં બની ઈસ્રાઈલને સજદો કરતાં કરતાં જવાનો હુકમ આપવામાં આવ્યો. વધુમાં એ પણ જાણવા મળ્યું કે મોતબર્રક (બરકતવંત) સ્થળો પર તૌબાની જલ્દી સ્વીકૃતિ થાય છે.

તબર્રુકાત તથા આષાર શરીફની તાઝીમ અને તેની અદબ જાળવવા માટેની બેશુમાર દલીલો તથા સબૂત છે. કુર્આને પાકમાં રબ્બુલ આલમીન ઈર્શાદ ફર્માવે છે : **વત્તખઝૂ મિમ્ મકામે ઈબ્રાહીમ મુસલ્લા.**

**"તબર્રુકાત"**ની સાબિતીઓ માટે મુસલમાનોમાં એ મશ્હૂર હોવું કે હુઝૂરના **"તબર્રુકાત"** છે, પૂરતું છે. તે માટે આયાતે કુર્આની યા હદીષ કે બુખારીની જરૂરત નથી. દરેક વસ્તુની સાબિતી એક સરખી હોતી નથી. દા.ત. વ્યભિચારની સાબિતી માટે ચાર પરહેઝગાર મુસલમાનોની શહાદત જરૂરી છે. અન્ય માલી લેવડ દેવડ માટે બે સાક્ષીઓની ગવાહી પૂરતી હોય છે. રમઝાન શરીફમાં ચાંદ જોવા બાબતે એક મુસલમાન સ્ત્રીની ગવાહી કાફી અને પૂરતી છે. સારાંશ કે દરેક વસ્તુ માટે એકસરખી ગવાહી નથી. આપણે પોતે કહીએ છીએ કે, અમે ફલાણાનાં દીકરા ફલાણા, ફલાણાના પૌત્રા છીએ. તેની સાબિતી ન કુર્આનથી ન હદીષથી, ન આપણી માં ના નિકાહ વખતેના સાક્ષીઓ મૌજૂદ છે. પરંતુ મુસલમાનોમાં એ ખ્યાતિ તથા શોહરત છે એટલું જ પૂરતું છે. એવી જ રીતે આષાર શરીફ તથા યાદગારો માટે પણ ફકત શોહરત, ખ્યાતિ માન્ય છે.





ખૈર ! આ વિષયમાં એક **એવી કિતાબ**ની જરૂરત હતી જેમાં કુર્આન, હદીષ શરીફ અને અકવાલે સાલેહીન, સહાબા તથા ઈમામોની એ સાબિતી મળે અને તેને અવામ સમક્ષ રજૂ કરવામાં આવે જેથી મુસલમાનોના ઈમાનમાં તાઝગી આવી જાય અને જે બદગુમાનીઓ, બુરા લોકો, બદ્અકીદાવાળા લોકો પેદા કરે છે તેનાથી બચાવ થાય.

**અલ્હમ્દુલિલ્લાહ !** અમારા ખાસ સ્નેહી તથા મુહિબ્બ, સુન્ની જમાઅતના સિધ્ધહસ્ત લેખક તથા સુન્નિયતના પ્રચારક, અહલે સુન્નત વ જમાઅતના હમદર્દ તથા બદમઝહબો માટે શમશીરે બુર્રાં, આલી જનાબ **શબ્બીર અલી પટેલ રઝવી** સાહેબે હુઝૂર ફાઝિલે જલીલ મુફસ્સિરે આ'ઝમ, સદરુલ અફાઝિલ, ખલીફએ આ'લા હઝરત સૈયદ **શાહ નઈમુદ્દીન મુરાદાબાદી** رحمة الله علیه એ સંપાદન કરેલ કિતાબનો તર્જુમો **"તબર્રુકાતની તા'ઝીમ"** નામથી મુસ્લિમ કૌમ સમક્ષ રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે એ ઘણો જ આવકારદાયક છે. આપના આ રિસાલાથી ગુજરાતી ભાષી સુન્ની આલમને ખૂબ જ જાણવાનું મળશે તેમાં શંકાને સ્થાન નથી. જનાબ પટેલ શબ્બીર અલી રઝવી સાહેબની કલમની સેવાઓ તથા ખિદમતોથી આપ સાહેબાન વાકેફ જ છો. **માશાઅલ્લાહ !** આપ ખૂબ જ ખંતિલા અને સુન્નિયતની લાગણી ધરાવનાર નવયુવાન છે. આવો દીની શોખ પેદા થવો એ ખુદાની દૈન છે અને હુઝૂર રસૂલે પાકની નિગાહે કરમ જ છે. ભાઈ પટેલ શબ્બીર અલી **વલીએ કામિલ હુઝૂર મુફ્તીએ આ'ઝમ** رحمة الله علیه ના નાયબ હઝરત **અલ્લામહ્ અખ્તર રઝા અઝહરીમિયાં**ના મુરીદોમાંથી છે. આ જ **"ફૈઝાને રઝા"** છે જે આપ કલમી સેવાઓ રૂપે જોઈ શકો છો, **અલ્હમ્દુલિલ્લાહ !**

અંતમાં મારી દુઆ છે કે ખુદા આપની આ મહેનત બર લાવે, આ અનુવાદને મકબૂલિયત નસીબ થાય અને જે વાંચે તેને સન્માર્ગ પ્રાપ્ત થાય તથા હુઝૂર જાને ઈમાન صلی اللہ تعالیٰ علیہ وسلم ની મહોબ્બત તથા અકીદત નસીબ થાય, **આમીન.** જે ભાઈને આ પ્રયાસ પસંદ પડે તે જરૂરથી ભાઈ શબ્બીર અલી પટેલની તંદુરસ્તી તથા બંને જહાનમાં કામ્યાબી માટે દુઆ કરે. *–આમીન.*

**વસલ્લલાહુ તઆલા અલા ખૈરિ ખલ્કિહી મુહમ્મદિંવ વ આલિહી વ અસ્હાબિહિ અજમઈન બિ રહમતિક યા અર્હમર્રાહીમિન.**

લિ. **સૈયદ કમરૂદ્દીન એ. પીરઝાદા કારંટવી.**
મુ.પો. કારંટા, ઠે. કુતુબનગર,
તા. લુણાવાડા, જિ. પંચમહાલ,
☎ (૦૨૬૭૪–૨૮૮૪૭૭, ૨૮૮૫૭૭)

بسم الله الرحمن الرحيم

نحمده ونصلي على رسوله الكريم

શું ફર્માવે છે ઉલમાએ દીન તથા મુફ્તિયાને શરએ મુબીન આ મસ્અલામાં કે અહીં બેંગ્લોરમાં કેટલીક મસ્જિદો અને કેટલાક ઘરોમાં આષાર શરીફ (મૂએ મુબારક)ની ઝિયારત કરાવવામાં આવે છે અને તે આષારોને આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم ની તરફ સંબંધિત સમજીને તેની ખૂબ જ ઈજ્જત તથા તાઝીમ અને એહતેરામ કરવામાં આવે છે. તેનો તરીકો એ હોય છે કે આષાર શરીફ જે સામાન્યતઃ એક બાલ હોય છે જેને ચાંદી વગેરેની નળીમાં રાખીને તેના પર એક પછી એક ગિલાફ ચઢાવીને એક પેટીમાં રાખવામાં આવે છે. આ આષાર (બાલ મુબારક) કેટલીક મસ્જિદો અને કેટલાક ઘરોમાં રાખેલા છે. રબીઉલ અવ્વલમાં તે મસ્જિદો અને ઘરોને ખૂબ જ સજાવવામાં આવે છે અને પછી તે આષારોને નઅત અને કસીદાઓ પઢતાં પઢતાં ખૂબ જ એહતેરામની સાથે ખોલવામાં આવે છે. મસ્જિદોમાં ખાસ કરીને મર્દોની ભીડ જામે છે અને ઘરોમાં સામાન્યતઃ રાત્રે પર્દાનશીં ઔરતો ભેગી થાય છે અને આખી રાત પર્દાનશીં ઔરતો કસીદા વગેરે પઢે છે. (તદ્ઉપરાંત પર્દાનશીં ઔરતો પાસેથી નઝરાણું પણ લેવાય છે.) એક પછી એક ઝિયારત કરવાવાળા ખૂબ જ અદબ અને એહતેરામની સાથે આવીને એ આષારને બોસો દે છે અને તેને આંખોએ લગાડે છે અને કેટલાક લોકો આષાર (બાલ મુબારક)ની તરફ હાથ બાંધીને ઉભા રહીને અથવા હાથ ઉઠાવીને દુઆઓ પણ માંગે છે.

વળી, આં જનાબથી વિનંતી છે કે **ઝયદ** તથા **અમ્ર** (કાલ્પનિક નામો)ની નીચે જણાવેલ દલીલોની જાંચ કરીને સ્પષ્ટ શરઈ દલીલો દ્વારા જવાબ એનાયત ફર્માવશો કે તે આષારો (બાલ મુબારક) ની ઝિયારત તથા ઈજ્જત કરવી જાઈઝ છે કે નાજાઈઝ ? કેમ કે અહીં મુસલમાનોમાં પરસ્પર





વિરોધી ખયાલના બે ગૃપો મૌજૂદ છે. એક ઝયદના હમ ખયાલ છે જે આ તબર્રુકાતની તરફેણમાં છે. અને તબર્રુકાતના વિરોધીઓ પર રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની તૌહીનનો આક્ષેપ કરે છે અને કહે છે તેઓમાં રસૂલે અકરમની મહોબ્બત જ નથી. બીજી બાજુ **અમ્ર**ના હમખ્યાલ લોકો છે જેઓ આષારની અદબ કરનારાઓને બિદઅતી અને ગુમરાહ સમજે છે અને તે આષારોની ઝિયારત કરવી તથા દેખાડવાને નાજાઈઝ કહે છે.

## ★ ઝયદના ખયાલો અને દલીલ ★

ઝયદ કહે છે કે આષારે મુબારકહ્ (બાલ મુબારક)ની ઝિયારત તથા ઈજ્જત કરવી ન કેવળ જાઈઝ છે બલ્કે મહાન સવાબ છે અને જે શખ્સ તે તબર્રુકાતની ઈજ્જત અને ઝિયારત નથી કરતો તે મહબ્બતે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ના ક્ષેત્રની બહાર છે તેની દલીલો આ પ્રમાણે છે :–

**(૧)** આં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના આષાર (તબર્રુકાત)ના વિશે હદીષ શરીફમાં છે જેનો ખુલાસો એ છે કે જેણે મારી કે મારા જુઝ (શરીરના કોઈ ભાગ)ની ઝિયારત કરી તો મારા પર તેની શફાઅત વાજિબ થઈ ગઈ.

**(૨)** ઈતિહાસ અને સીરત(ની કિતાબો) વડે જણાય છે કે કેટલાય સહાબાએ કિરામ رضی اللہ عنہم ની પાસે આપ હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم ના નાખૂન (નખ) મુબારક વગેરે રહેતા હતા. જેને તેઓ ખૂબ જ અદબની સાથે પોતાની પાસે રાખતા. તો જે કામને સહાબાએ કિરામે કર્યું હોય તેનાથી અમને શા માટે રોકવામાં આવે છે ?

**(૩)** કુર્આન શરીફ અને તફસીરોમાં છે કે બની ઈસ્રાઈલની પાસે એક **તાબૂત** રહેતું હતું જેમાં આગલા અંબિયાએ કિરામ علیہم السلام નાં તબર્રુકો હતાં. તે તાબૂત વડે બની ઈસ્રાઈલને શાંત્વન અને તસલ્લી થતી હતી. એટલે સુધી કે બની ઈસ્રાઈલ તે તાબૂતને જંગોમાં પણ સાથે રાખતા હતા અને તેની બરકતથી કામયાબ થતા હતા. એટલા માટે આપણે પણ આપણા નબી અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ના આષારે મુકદસને પોતાની પાસે રાખીએ છીએ અને તેની ઝિયારત તથા તાઝીમ કરીએ છીએ અને શરીઅતની રૂએ તેની કોઈ મના પણ નથી.

## ★ અમ્રના ખયાલો અને દલીલો ★

અમ્ર કહે છે કે આષારની ઝિયારત કરવી અને ઈજ્જત તથા તાઝીમ કરવી શરીઅતની રૂએ નાજાઈઝ તથા બિદઅત છે કેમ કે કાયદેસરની સાબિતી જ નથી કે બાલ મુબારક આપ હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلمના છે. અને જ્યારે કાયદેસર સાબિતી નથી તો તેવા આષારને આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلمની તરફ સંબંધિત કરવું મહાન ગુનોહ છે, જેમ કે સહીહ હદીષ શરીફમાં છે કે (અર્થ) : જેણે જાણીબુઝીને મારા પ્રત્યે જૂઠ સંબંધિત કર્યું તેણે પોતાનું ઠેકાણું જહન્નમમાં બનાવી લીધું. તો હવે તેહકીક વગર કોઈ ચીજની કેવળ એટલા ખાતર ઈજ્જત કરે કે તે આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلمના નામથી સંબંધિત છે એ પણ આ હદીષ શરીફની વઈદ (ધમકી)નો મુસ્તહિક (હકદાર) બને છે. બલ્કે જો એ કાયદાને માની લેવામાં આવે તો ઈસ્લામની આખી વ્યવસ્થા વેરવિખેર થઈ જાય. કેમ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمના નામ વડે કેટલાય નાજાઈઝ હુકમોનું પાલન અને ગલત ચીજોની તાઝીમ કરાવવામાં આવે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمની જાત પર એનાથી વધીને મોટુ બોહતાન તથા આક્ષેપ શું હશે ? ખુદા જાણે કોના બાલ છે જેને આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم ની મુકદસ હસ્તીની તરફ સંબંધિત કરીને તેની ઈજ્જત તથા તકરીમ (સન્માનિત) કરવામાં આવે છે ! શું એ હકીકત નથી કે કાલ્પનિક બશારતોને આધાર બનાવીને, કોઈને દિવાલમાં કે શરબતમાં બાલ મલી જાય છે તો તે બાલને આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلمની તરફ સંબંધિત કરીને તેના દીદાર તથા ઈજ્જત તથા તકરીમ કરવામાં આવે છે. નઊઝુબિલ્લાહ ! જો આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلمના મૂએ મુબારક સહાબાએ કિરામ તબર્રુકાતના રૂપે રાખત તો આજે તે મૂએ મુબારક **મક્કા શરીફ** અને **મદીના શરીફ**માં મૌજૂદ હોત. જ્યારે ત્યાં આ મૂએ મુબારકનું નામનિશાન સુધ્ધાં નથી અને ન તો ઈસ્લામી દેશોમાં આ તબર્રુકો આટલા વિશેષ પ્રમાણમાં છે જેવાં કે બેંગ્લોરમાં છે. પંજાબ તથા સિંધના આખા બે રાજ્યોમાં કેવળ રોઢીમાં મૂએ મુબારક હોવાનું જણાવવામાં આવે છે. યુ.પી.સી.પી., દિલ્હી વગેરેમાં કેવળ એક સ્થળે એટલે કે દિલ્હીની જામેઅ મસ્જિદમાં કેટલાંક તબર્રુકો મૌજૂદ છે અને કહેવાય છે કે આ ઈસ્લામી બાદશાહોએ અઢળક દૌલત ખર્ચીને અને અત્યંત





કોશિશો વડે તેને હાંસલ કર્યા હતાં. તો પણ મુહક્કિકીન ઉલમાએ એહલે સુન્નત વ જમાઅતને શંકા છે કે આ ખરેખર આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلمનાં બાલમુબારક છે કે નહીં ? બેંગ્લોરમાં આ બાલોની વધુ પડતી સંખ્યા જ સ્પષ્ટ ગવાહી આપી રહી છે કે આ બાલ જૂઠા અને બનાવટી છે અને કેવળ ઘરાના (ખાનદાન)ની ખ્યાતિ અને પેટ પાલવવા માટેના ઝરીયાઓ છે.

## ★ અમ્ર દ્વારા ઝયદની દલીલોને રદિયો ★

**(૧)** પહેલી દલીલની રદ કરતાં કહે છે કે ઝયદે જે હદીષ રજૂ કરી છે જેણે મારી અથવા મારા જૂઝ (શરીરનાં અગ)ની ઝિયારત કરી તો તેની શફાઅત મારા ઉપર વાજિબ થઈ ગઈ. તો આ વિષયની તમામ હદીષો ઝઈફ બલ્કે મનઘડત છે, સહીહ હદીષમાં તેની કોઈ સાબિતી નથી.

**(૨)** બીજી દલીલને રદિયો ! કે બેશક ! કેટલીક રિવાયતો અને તવારીખથી સાબિત થાય છે કે કેટલાક સહાબાએ કિરામની પાસે આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلمના નાખૂન મુબારક અને મૂએ મુબારક વગેરે હતાં પણ તે રિવાયતોમાં એ પણ છે કે તે તબર્રુકોને તે જ સહાબાએ કિરામની વસિય્યત મુજબ તેઓના કફનોથી બાંધીને તેઓની સાથે દફન કરી દેવામાં આવતાં હતાં.

સૌથી વિશેષ એ કે તેની હરગિઝ હરગિઝ સાબિતી નથી મળતી કે સહાબાએ કિરામ આ તબર્રુકાતની ઝિયારત કરાવતા હતા અથવા તે તબર્રુકાતની ઝિયારત માટે મુસલમાનોનો કોઈ ઈજતેમાઅ (મેળાવડો) થતો હતો. જેથી દીદારબાઝી અને ઈજતેમા અને હાલનો તરીકો ન નબી અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلمના સમયમાં હતો ન સહાબાએ કિરામના સમયમાં. જ્યારે સહાબાએ કિરામનાં દિલોમાં નબી અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلمની પાક મહોબ્બત એટલી હતી કે સહાબાએ કિરામ પોતાનો જાન માલ સુધ્ધાં આપના પર કુર્બાન કરી દેતા હતા. તો જે તરીકાને સહાબાએ કિરામે ન કર્યો હોય તેને કરવો બિદઅત અને ગુમરાહી નથી તો બીજુ શું છે ? ખાસ કરીને બનાવટી અને જૂઠા બાલોની દીદારબાઝી અને ઈજ્જત ! ખુદા મુસલમાનોને એનાથી બચાવે. કોઈ મુસલમાન કહી શકે છે કે કોઈ અન્યના

બાલોને આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلمની મુકદસ હસ્તીની તરફ સંબંધિત કરવામાં આવે ?

**(૩)** ત્રીજી દલીલની રદ ! કુર્આન મજીદ અને તફસીરોમાં બેશક ! એક તાબૂતનું વર્ણન છે જે બની ઈસ્રાઈલ પાસે હતું અને વારસાગત બની ઈસ્રાઈલના અંબિયા અને બની ઈસ્રાઈલના સરદારોને આપવામાં આવતું હતું. અને બેશક ! બની ઈસ્રાઈલમાં આષાર પરસ્તી હતી અને તે જ આષાર પરસ્તીનું પરિણામ છે કે બની ઈસ્રાઈલે અંબિયા અને પોતાના સરદારોની તસ્વીરો અને બુત (મૂર્તિ) સુધ્ધાં બનાવી દીધેલાં છે એટલા માટે તેઓના ઉપર ખુદાની લાનત અને ગઝબ પણ છે. અને ન તો આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلمએ કુર્આન મજીદને જ મજબૂત પકડવાની વસિય્યત ફર્માવી છે અને બસ. ખુદા તઆલાએ પણ મુસલમાનોના માટે કુર્આન મજીદને જ શિફા તથા રહમત ઠરાવ્યું. એટલે કે મુસલમાન જો સંતોષ અને શિફા તથા બરકત અને રાહત મેળવી શકે છે તો કેવળ કુર્આન મજીદથી જ હાંસલ કરી શકે છે. મુસલમાનોની પાસે કુર્આન મજીદ જ એક ખરેખર સાચુ આષારે મુબારક છે જે આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم દ્વારા આપણા સુધી પહોંચ્યું છે. અને તે જ અસલી અને સાચા આષાર (તબર્રુક) વડે જ મુસલમાન યહૂદી તથા નસારા પર ગાલિબ પણ આવ્યા છે. જેથી મુસલમાન કુર્આન મજીદની ઈજ્જત તથા તકરીમ જેટલી કરે એટલી ઓછી છે. એ સિવાય શંકાસ્પદ અને બનાવટી આષાર (તબર્રુકો)ની ઈજ્જત તથા તૌકીર કરવી યહૂદીઓ તથા નસ્રાનીઓ અને મુશ્રિકોથી મળતાપણુ થશે ન કે સહાબાએ કિરામની સાથે. (**અમ્ર**ના ખ્યાલ આ પ્રમાણે છે.)

તદ્ઉપરાંત એ માહિતી પણ આપવા મહેરબાની કરશો કે આ સમયમાં તે આષાર(તબર્રુકાત)ની અસલિય્યત અને હકીકતની તેહકીક કઈ રીતે કરવામાં આવે.

**પ્રશ્ન કર્તા** : ગુલામ દસ્તગીર ખાં

બેંગ્લોર, હિ.સ. ૧૩૫૯





# ☆ અલ્જવાબ ☆

بسم اللہ الرحمٰن الرحیم

نحمدہٗ ونصلی علیٰ رسولہ الکریم

ઝયદનું કહેવું બિલ્કુલ હક્ક અને સહીહ અને યોગ્ય સાથે અને દુરૂસ્ત છે કે **આષારે મુબારકહ્‌ની (તબર્રુકાત)ઝિયારત તથા ઈજ્જત જાઈઝ તથા મહાન સવાબનો સબબ છે. અને જે આ આષાર (તબર્રુકાત)ની ઈજ્જત ન કરે તે હુબ્બે (મહબ્બતે) નબી** صلی اللہ تعالیٰ علیہ وسلم **ની નેઅમતથી વંચિત છે.** આ એક એવો સ્પષ્ટ મસ્અલો છે કે તેના માટે દલીલ રજૂ કરવાની પણ જરૂરત નથી. નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلمની મહોબ્બત જ તો ઈમાનનો ઝરીયો અને અસલ મૂળ દીન છે. તેના જ વડે ઈસ્લામની નેઅમત તથા ખુદાને ઓળખવાની દૌતલ મયસ્સર (પ્રાપ્ત) થઈ.

ઈમામ બુખારી رحمۃ اللہ علیہએ પોતાની જામેઅ સહીહમાં **હુબ્બુર્રસૂલ મિનલ્ ઈમાન**ના વિષયમાં એક પ્રકરણ તૈયાર કરેલ છે. તેમાં બે હદીષો વર્ણન કરી છે. એક હઝરત અબૂ હૂરૈરહ્ رضی اللہ عنہની હદીષ **લા યુઅ્મિનુ અહદુકુમ....વવલદિહી.** અને બીજી હદીષ હઝરત અનસ رضی اللہ عنہની હદીષ **લા યુઅ્મિનુકુમ....અજમઈન.** આ બંને હદીષોનો ખુલાસો એ છે કે હુઝૂર સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું કે (અર્થ) : **તમારામાંથી કોઈ મોમિન નથી થતું જ્યાં સુધી કે હું તેને તેના માબાપ તથા ઔલાદ અને તમામ લોકોથી વધુ મહબૂબ અને પ્રિય ન બની જાઉં.**

એટલે કે ઈમાનની દૌલતથી તે જ સરફરાઝ થાય છે જે હુઝૂર સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلمની સાથે તમામ મખ્લૂક (સૃષ્ટિ) કરતાં વધુ મહોબ્બત ધરાવે.

સદ્બુધ્ધિનો તકાઝો છે કે, મહબૂબના કાર્યો તથા કથનો, વાણી

તથા વર્ણન અને અંગો તથા આદતો અને દરેક અદા અને તેમનાથી નિસ્બત ધરાવતી દરેક ચીજ અને જે ચીજો તેમના તરફ સંબંધિત હોય છે તે સઘળી મહોબ્બત કરનારને પ્યારી અને મહબૂબ હોય છે અને તેની મહોબ્બતનો જઝબો તે તમામની કદર તથા ઈજ્જત અને એહતેરામ તથા ઈકરામનો ચાહક હોય છે અને એ મહોબ્બતની નિશાની છે. એવું ન હોય તો મહોબ્બતનો દાવો ડિંગો મારવા સમાન છે. એ જ કારણ છે કે ઓહદ શરીફ જે મદીના તૈયેબહ્‌ની નજીક એક પર્વત છે તેની બાબત હુઝૂર عليه الصلوٰة والتسليم એ ફર્માવ્યું, "અમે તેને ચાહીએ છીએ." અહલે મહોબ્બત અને અસ્હાબે ઈમાન (ઈમાનવાળાઓ)ની હાલતોમાંથી કેટલીક વિગતો આગળ વર્ણન કરવામાં આવશે તે તેની ગવાહ છે.

આષાર (તબર્રુકાત)નું વર્ણન કુર્આન મજીદમાં પણ છે : **કાલ લહુમ્ નબિય્યૂહુમ ઈન્ન આયત....ઈન્કુન્તુમ્ મુઅ્મિનીન.**

એટલે કે બની ઈસ્રાઈલને તેમના નબી (હઝરત શમુઈલ عليه الصلوٰة والتسليم)એ ફર્માવ્યું કે તાલૂતની સલ્તનતની નિશાની એ છે કે તમારી પાસે તાબૂત (સંદૂક) આવે જેમાં તમારા રબની તરફ સકીના છે અને હઝરત મૂસા તથા હારૂન عليهم السلام ના બાકી રહેલાં તબર્રુકો છે તેને ફરિશ્તાઓ ઉઠાવી લાવશે તેમાં તમારા માટે નિશાની છે જો તમે મોમિન હોવ.

આ તાબૂત હઝરત આદમ عليه الصلوٰة والتسليم ના સમયથી અંબિયા عليهم السلام માં પેઢી દર પેઢી ચાલ્યું આવ્યું હતું. હઝરત યાકૂબ عليه الصلوٰة والتسليم પછી બની ઈસ્રાઈલના અંબિયામાં એક પછી એકને પહોંચતું રહ્યું પછી બની ઈસ્રાઈલમાં રહ્યું. જ્યારે બની ઈસ્રાઈલને કોઈ જંગ કરવી પડતી અને દુશ્મનોથી સખત સામનો કરવાનો થતો તો તેઓ આ તાબૂતને આગળ રાખતા હતા અને તેની બરકતથી દુશ્મન સામેના મુકાબલામાં ફતહ માંગતા હતા અને તેઓને ફતહ (જીત) મળતી, તેઓ કામયાબ થતા. તફસીરે ખાઝિનમાં છે (અર્થ) : અને જ્યારે લડાઈની તૈયારી હોય ત્યારે તેને (તાબૂત) પોતાની સામે રાખતા અને તેના વસીલાથી ફતહની દુઆ કરતા તો તેઓ ફતહ પામતા હતા.

તે તાબૂતમાં શું હતું ? એક ચીજ તો એ હતી જેને કુર્આને પાકમાં





સકીનહ્‌ ફર્માવવામાં આવેલ છે તેની તફસીરમાં મુફસ્સિરોના ઘણાયે અકવાલ (કથનો) છે. હઝરત કતાદાએ તેની તફસીર જલાલત તથા વકાર (મહાનતા તથા બુઝુર્ગી) કરી છે, હઝરત રબીઅએ 'રહમત' કરી છે, હઝરત અતાએ 'આત્મસંતોષ' (ઈત્મિનાને કલ્બ) કરી છે એ ઉપરાંત અન્ય પણ ઘણા અકવાલ (કથનો) છે.

"તફસીરે ઈબ્ને કષીર"માં છેઃ **કીલ મઅનાહુ ફિહી વકારૂં વ જલાલત્....** છેવટ સુધી. (જેનો ભાવાર્થ ઉપર આપ્યો છે.)

"તફસીરે લુબાબુત્તાવીલ"માં છે : **વકાલ કતાદા વકલ્બીહિય...** છેવટ સુધી.

મતલબ કે દિલી સંતોષ તે તમામ સ્થિતિઓમાં ઉપલબ્ધ છે, મુફસ્સિરોના અકવાલમાં વર્ણન થયેલ છે.

બીજી ચીજ તે તાબૂતમાં હતી જે કુર્આને કરીમે ફર્માવી તે હઝરત મૂસા તથા હઝરત હારૂન عليه الصلوٰة والتسليم ની બાકી રહેલી ચીજો જે આપ છોડી ગયા છે. મુફસ્સિરો ફર્માવે છે કે તેમાં હઝરત મૂસા عليه الصلوٰة والتسليم નો **અસા** (લાઠી) મુબારક અને હઝરત હારૂન عليه الصلوٰة والتسليم નો **અસા મુબારક** અને બંને હઝરાતના **પવિત્ર પોષાક** અને એક કથનમાં છે કે હઝરત મૂસા عليه الصلوٰة والتسليم નો **અમામા શરીફ** અને હઝરતના **નાલૈન શરીફ** (પગરખાં મુબારક) પણ હતાં. તફસીરે ઈબ્ને કષીરમાં છે : **કાલ અતિયતુબ્ને સઅદ અસાએ મૂસા વ અસાએ હારૂન વ ષિયાબિ મૂસા વ ષિયાબિ હારૂન.** તફસીરે "લુબાબુત્તાવિલ"માં એક કૌલ એ પણ નકલ કરે છે કે **વકીલ કાન ફીહિય...** છેવટ સુધી.

તે ઉપરાંત અન્ય કથનો પણ છે.

એમાં શંકા નથી કે તેમાં અંબિયા عليهم السلامના તબર્રુકો તથા મુબારક આષારો હતાં. અને તે તાબૂતના આવવાને કુર્આને પાકમાં બની ઈસ્રાઈલના માટે સલ્તનતે તાલૂતની નિશાની બતાવવામાં આવ્યું.

તફસીરોમાં એ પણ વર્ણન છે કે જ્યારે બની ઈસ્રાઈલમાં ફસાદ (બગાડ) આવ્યો અને જુલ્મ તથા ગુનાહોનું પ્રમાણ અધિકતમ થયું તો તેઓને આ તાબૂતથી વંચિત કરી દેવામાં આવ્યા હતા.

હઝરત શમુઈલ عليه الصلاة والسلام ના મુબારક સમયમાં આ નેઅમત તેમને મળી જેનાથી મોમિનને સંતોષ મળી જાય છે કે અંબિયા عليهم السلام ના તબર્રુકો શરીઅતમાં ખૂબ જ ઈજ્જતવાળાં અને અદબને પાત્ર છે, અને તેને સામે રાખીને દુઆ મકબૂલ થાય છે તથા મુરાદ હાંસલ થાય છે અને અલ્લાહ તઆલા જેના ઉપર ફઝ્લ ફર્માવે છે. તેને આ તબર્રૂકો પ્રાપ્ત થાય છે. મજમામાં તથા બરકત હાંસલ કરવાના પ્રસંગોએ તે તબર્રુકોને લાવવામાં આવે છે.

એ જ કારણ હતું કે હઝરત ખાલિદ ઈબ્ને વલીદ સહાબી رضي الله عنه ની ટોપી મુબારક જ્યારે જંગે યમામહ્માં પડી ગઈ તો આપે ખૂબ જ ઝડપભેર પાછા ફરીને તેને હાંસલ કરી અને એ વાતની પરવા ન કરી કે એવું કરવાથી ઘણા લોકો શહીદ થઈ જશે. કેમ કે તે ટોપી મુબારકમાં હુઝૂર સૈયદે આલમ صلى الله تعالى عليه وسلم ના મૂએ મુબારક હતા.

ઈમામે અજલ કાઝી અયાઝ رحمة الله عليه **શિફા શરીફ**માં ફર્માવે છે, (અર્થ) : એટલે કે હઝરત ખાલિદ ઈબ્ને વલીદ સહાબી رضي الله عنه ની ટોપી મુબારકમાં હુઝૂર સૈયદે આલમ صلى الله تعالى عليه وسلم ના મૂએ મુબારક હતા. એક ઘમસાણની લડાઈ ચાલુ હતી, તેમાં ટોપી પડી ગઈ. તો આપે ખૂબ જ ઝડપથી હુમલો કરીને તેને પ્રાપ્ત કરી. સહાબાએ કિરામે આ મામલામાં વધુ માણસો શહીદ થવાના કારણે વાંધો લીધો તો આપે ફર્માવ્યું : આ કામ મેં ટોપીના લીધે નથી કર્યું, બલ્કે તેની અંદર હુઝૂર સૈયદે આલમ صلى الله تعالى عليه وسلم ના મૂએ મુબારક હતા એટલા માટે મેં આ પ્રમાણે કર્યું કે હું તે મૂએ મુબારકની બરકતથી વંચિત ન રહી જાઉં અને તે કાફિરોના હાથ ન લાગે. (નસીમુર્રિયાઝ, ભાગ–૩, પેજ–૪૩૪)

અલ્લામા અહમદ શહાબુદ્દીન ખફ્ફાજી رضي الله عنه શરહે શિફામાં ફર્માવે છે : (અર્થ) : **તેની બરકતથી વંચિત થવાનો ભય એવી મોટી અગત્યની વાત છે કે જેના માટે જાનોને ખતરામાં નાખવામાં આવી શકે છે.** (નસીમુર્રિયાઝ, ભાગ–૩, પેજ–૪૩૪)

**સિરાતુન્નબવિય્યહ**માં છે : (અર્થ) હઝરત ખાલિદ رضي الله عنه થી મરવી છે કે રસૂલે કરીમ صلى الله تعالى عليه وسلم એ ઉમરો અદા કર્યા બાદ અને લગભગ





તે ઉમરાએ જઅરાનહ્ હતો, સર મુબારકના વાળ ઉતરાવ્યા. સહાબાએ કિરામે મૂએ મુબારક હાંસલ કરવા માટે ઘણી કોશિશ અને પડાપડી કરી અને હું તેઓમાં અગ્રિમતા લઈ ગયો અને પેશાનીના મૂએ મુબારક હાંસલ કરી લીધા અને તેને મારી ટોપીમાં રાખી લીધાં. તેની એ બરકત થઈ કે જ્યારે હું કોઈ જંગમાં શરીક થયો અને આ ટોપી મારી સાથે હોતી તો ચોક્કસ ઉજ્જવળ ફતહ (જીત) હાંસલ થતી. અબૂ યઅ્લાની રિવાયતમાં એ પ્રમાણે છે કે જ્યારે કોઈ દિશામાં હુમલો કર્યો (આક્રમણ કર્યું) તો જરૂર જીત થતી.

આ ઉપરથી એકદમ સ્પષ્ટ સાબિત છે કે અસ્હાબે રસૂલ صلى الله تعالى عليه وسلم ને હુઝૂર સૈયદે આલમ صلى الله تعالى عليه وسلم ના બાલ મુબારકની સાથે ઊંચા દરજ્જાનો ઈશ્ક હતો જેથી તેને જાનની જેમ સાચવતા અને સાથે રાખતા હતા. માથા પર રાખતા હતા, તેની હિફાઝતના માટે જાનોને ખતરામાં નાંખી દેતા હતા. અને તેનાથી બરકત પામવાનો, ફાયદો મેળવવાનો તેમજ દુશ્મનો પર કામયાબી મેળવવાનો એ'તેકાદ રાખતા હતા અને મુરાદો પૂરી થતી હતી. અને હકીકતમાં આ જ એ'તેકાદ મહોબ્બતનો તકાઝો છે અને એ જ ઈમાનનો પણ તકાઝો છે.

આ પ્રસંગથી એ પણ સાબિત થાય છે કે હુઝૂર صلى الله تعالى عليه وسلم એ ઉમરા કર્યા બાદ જ્યારે સર મુબારકના વાળ અલગ (મૂંડન) કરાવ્યા તો અસ્હાબે રસૂલ صلى الله تعالى عليه وسلم એ અતિશય પ્રમાણમાં શોખની સાથે તેને મેળવવાની કોશિશ કરી અને હાંસલ કર્યા. એ સ્પષ્ટ છે કે સર મુબારકના મૂએ મુબારક શરીફની સંખ્યા બે ચાર કે દસ વીસ કે સો નહીં પણ હજારો બલ્કે લાખો હશે અને તે આ રીતે સુરક્ષિત અને જાનોથી વધુ અઝીઝ રાખવામાં આવ્યા. તો હવે પુષ્કળ સ્થળો પર એક, એક, બબ્બે, મૂએ મુબારકનું હોવું અને દુનિયામાં તેનું મૌજૂદ હોવું જરા પણ આશ્ચર્યની વાત નથી.

**"અમ્ર"**નું એ કહેવું કે, "જો આં હઝરત صلى الله تعالى عليه وسلم ના મૂએ મુબારક સહાબાએ કિરામ તબર્રુક રૂપે રાખતા તો આજે તે મૂએ મુબારક મક્કા મુકર્રમા અને મદીનામાં મૌજૂદ હોત. જ્યારે ત્યાં તે મૂએ મુબારકનું નામ નિશાન સુધ્ધાં નથી અને ન તો ઈસ્લામી દેશોમાં આ તબર્રુકો આટલી

વિશેષ સંખ્યામાં છે જે પ્રમાણે બેંગ્લોરમાં છે. પંજાબ તથા સિંધના આખા બે રાજ્યોમાં કેવળ રોઢી (સિંધ)માં એક મૂએ મુબારક જોવા મળે છે અને યુ.પી.સી.પી., દિલ્હી વગેરેમાં કેવળ એક જ સ્થળે એટલે કે દિલ્હીની જામેઅ મસ્જિદમાં અમુક તબર્રુકો મૌજૂદ છે અને કહેવાય છે કે ઈસ્લામી બાદશાહોએ અઢળક પૈસા ખર્ચ કરીને હાંસલ કર્યા હતા, તો પણ એહલે સુન્નતના મુહક્કિકીન ઉલ્માને તેમાં શંકા છે. બેંગ્લોરમાં તે તબર્રુકોનું વિશેષ પ્રમાણમાં હોવું અને તેની અધિકતા જ સ્પષ્ટ ગવાહી દઈ રહેલ છે કે આ બાલ જૂઠા અને બનાવટી છે.'' (નઊઝુબિલ્લાહ !)

**આ છે વહાબીઓનો ઈલ્મ તથા કમાલ અને આ છે તેઓની દલીલો !!** તેઓને કુર્આને કરીમથી અને હદીષોથી શું લેવાદેવા છે ! સનદ વગર અને હકીકતોથી વિરૂધ્ધ એમ કહી દેવું કે, ''જો આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم ના મૂએ મુબારક હોત તો સહાબાએ કિરામ તબર્રુક રૂપે રાખત.'' તો આ શરતમાં શું બુરાઈ છે અને આષાર રૂપે (સહાબીઓએ) રાખવું જરૂરી છે અને આ શરઈ જરૂરતોમાંથી છે તો (ઉપરોકત હવાલાના આધારે) મૂએ મુબારકને તબર્રુક રૂપે રાખવું અને તેની તા'ઝીમ કરવી અને તેની ઝિયારત અને તેનાથી બરકત પ્રાપ્તિ સૌ સાબિત થઈ ગયું. જેને અમ્રના સમ વિચારવાળા મુફતી આષાર પરસ્તી (તબર્રુકની પૂજા) અને **શિર્ક** સુધ્ધાં બતાવે છે.

હમણા હું આગળ હઝરત ખાલિદ ઈબ્ને વલીદ رضی اللہ عنہ નો પ્રસંગ વર્ણન કરી ચૂકયો છું. તેમણે ''મૂએ મુબારક''ની કેટલા પ્રમાણમાં ઈજ્જત કરી અને કેવો એહતેરામ કર્યો તથા તેમને કેવી આશિકીભરી મહોબ્બત તે મૂએ અકદસની સાથે હતી કે તેને પ્રાપ્ત કરવા માટે **પોતાની જાન પણ ખતરામાં નાખી દીધી અને અન્યની જાનોની પણ પરવા ન કરી ! અને હઝરત ખાલિદ ઈબ્ને વલીદનો એ'તેકાદ કે એની બરકતથી જ વિજયો મળે છે.** અને તેને ગુસ્તાખ વહાબીઓ આષાર પરસ્તી કહે છે ! એવા બેદીનોને કોઈ ગુસ્તાખીમાં ડર નથી લાગતો. પણ મો'મિનોના માટે સહાબાનાં કાર્યો હુજ્જત (દલીલ) છે.

અમ્ર જે એવું કહે છે, ''સહાબીઓ આષારરૂપે રાખત !'' પણ **તેની આંખ કામ આપતી હોય તો** તે જોઈ લે કે (હઝરત ખાલિદ) કેવા





જલીલુલકદર સહાબી છે અને તેમણે કેવી અઝમત તથા એહતેરામની સાથે મૂએ મુબારક રાખ્યા ! તેઓ તો એક એક મૂએ મુબારક પર જાનોને ફિદા કરી દેતા હતા અને આ વહાબીને શું એ પણ માન્ય નથી કે મુસલમાન ભેગા મળીને ઝિયારત (દર્શન) કરી લે ?!! દુરૂદ શરીફ પઢી લે !

દિલ્હીનો **ગૈરમુકલ્લિદ** (એહલે હદીષ ફિર્કાવાળો) લખે છે કે, ''હઝરત ખાલિદની કામયાબ થવાની વાતને આપ દલીલ ન બનાવો કેમ કે આ જ હઝરત ખાલિદ હતા જે કહ્યા કરતા હતા કે મારા શરીરનો કોઈ પણ ભાગ ઝખ્મોથી ખાલી નથી.''

આ **ગુસ્તાખ ગૈરમુકલ્લિદ** (એહલે હદીષ ફિર્કાવાળા) હઝરત ખાલિદને જૂઠલાવે છે અને તેમના ઈર્શાદને જૂઠલાવે છે ! મૂએ મુબારકને ફતહનો ઝરીયો **ઝયદ** પોતાના તરફથી નથી કહેતો પણ હઝરત ખાલિદ رضی اللہ عنہ ફર્માવે છે અને આ દિલમાં અંધકાર ધરાવનારો (મુન્કિર શખ્સ) તેમનો વિરોધ કરે છે અને તેમને જૂઠલાવે છે ! અને જે કહે છે તે બાતિલ (હકથી ઉલ્ટું) કહે છે. આપે (હઝરત ખાલિદે) ફર્માવ્યું, ''કે જ્યારે આ **મૂએ મુબારક** મારી સાથે રહ્યા તો ચોક્કસ ફતહ થઈ.'' જ્યારે ગૈરમુકલ્લિદ બતાવે છે કે એથી વિરૂધ્ધ કયારે થયું ? અને તેની પાસે કઈ રિવાયત પહોંચી છે જેના વડે એ સાબિત થાય છે કે જ્યારે મૂએ મુબારક સાથે રાખ્યા હોય ત્યારે ઝખ્મ પણ લાગ્યા હોય ? આવી કોઈ રિવાયત નથી અને હોત તો પણ તેનાથી મૂએ મુબારકની બરકત તથા તાસીરના ઈન્કાર માટે કોઈ સનદ થઈ શકતી ન હતી. આ હઝરત ખાલિદ رضی اللہ عنہ નું ઈમાન, તેમની રસૂલ પ્રત્યેની મહોબ્બત અને સાચી અકીદત છે કે મૂએ અકદસને ફતહનો સબબ સમજે છે અને તમામ જીવન દરમિયાન તેના વડે કામયાબી હાંસલ કરે છે. જ્યારે એ ગૈરમુકલ્લિદની સિયાહદિલી (દિલનો અંધકાર) છે કે તે મૂએ શરીફની બરકતનો મુન્કિર છે. હવે તે ખૂબ જ પ્રમાણમાં બદઝબાનીની સાથે અત્યંત ગુસ્તાખીઓ માટે તૈયાર થયો છે અને મુસલમાનોને બુતપરસ્તોથી બદતર મુશ્રિક બતાવે છે. આષાર (તબર્રુકો) ની તાઝીમને શિર્ક તથા કુફ્ર કહે છે. તેણે ઘણી રિવાયતો જૂઠી મનઘડત લખી દીધી છે તથા અસ્હાબે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم પર આક્ષેપો કરનાર ઠર્યો છે તે લખે છે : **''જે ઝાડ નીચે બયઅતે રિદ્વાન થઈ** હતી તે ઝાડને હઝરત ઉમર

કપાવી નાખે છે કેમ કે જ્યારે આપને ખબર પડે છે લોકો ત્યાં બરકત પ્રાપ્ત કરવાના હેતુથી જવા લાગ્યા છે.''

**આ ગૈરમુકલ્લિદનો ખબીષ (ગંદો) આક્ષેપ છે.** હદીષ પર અમલ કરનારા હોવાનો દાવો અને રસૂલના ખલીફા પર જ આક્ષેપ ! અરે ! ગૈરમુકલ્લિદ તેની સનદ તો રજૂ કરે અને સાબિત કરે કે જે ઝાડની નીચે બયઅતે રિદ્‌વાન થઈ હતી તેને હઝરત ઉમર رضی اللہ عنہ એ કપાવી નાખ્યું હતું !

અને એ કે કપાવવાનું કારણ એ બતાવે છે કે લોકો તેના તરફ બરકત પ્રાપ્ત કરવાના ઈરાદાથી જતા હતા ! **જૂઠાઓ પર અલ્લાહની લાનત** થજો ! અને જૂઠ પણ કેવું કે જે બીજા ખલીફા પર લગાડવામાં આવ્યું ! આ છે તેઓનો ઈલ્મ અને આ છે તેઓનું હદીષો વિષેનું જ્ઞાન ! અને આ છે તેઓનો હદીષો પર અમલ ! હદીષે રસૂલથી તો (તેઓને) દૂરનો પણ સંબંધ નથી. શૈતાની આક્ષેપને સનદ બતાવે છે અને તેનું અનુસરણ કરે છે. અને ઈસ્લામમાં ફાટફૂટ પડાવવા માટે રોજ બરોજ ઈબ્લીસી ફિત્નાઓ ઉભા કરે છે. આખી દુનિયાના વહાબી અને આખી દુનિયાના ગૈરમુકલ્લિદો (કહેવાતા **એહલે હદીષવાળા**) આ જૂઠી રિવાયતની સાબિતી તો આપે !

અમ્રનું વધુ એક જૂઠ એ પણ છે કે કહે છે, **''મક્કા મુકર્રમા**માં અને **મદીના શરીફ**માં મૂએ મુબારકનું નામો નિશાન સુધ્ધાં નથી.'' તો શું **અમ્ર** એ **મક્કા અને મદીના મુકર્રમા**માં તેની શોધખોળ કરી હતી ? કયા સંશોધનને આધારે એવો દાવો કરે છે અને શું સનદ છે કે તેની આ વાત પર વિશ્વાસ કરવામાં આવે ? અને જો **મક્કા મુકર્રમા** અથવા **મદીના પાક**માં ન પણ હોય તો તે એ બાબતની દલીલ કયા આધારે બને છે કે કયાંય પણ નથી ?

**''સાદાતે કિરામ''**ની સંખ્યા હરમૈન તૈયબૈન (મક્કા મદીના)માં ખૂબ જ ઓછી છે જ્યારે આખી દુનિયા તેઓના થકી ભરેલી છે, તો શું **અમ્ર** તમામ દુનિયાના **સૈયદોના નસબ**નો આ જાહિલપણાભરી દલીલો સાથે ઈન્કાર કરી દેશે ?

જ્યારે ઈસ્લામ દુનિયામાં ફેલાયો અને ઉન્દલુસ, મિસર, તુર્કી, ઈરાન, અફઘાનિસ્તાન, હિંદુસ્તાન વગેરે દેશોમાં ઈસ્લામી સલ્તનતો





સ્થપાઈ અને ઉલમા તથા સાદાતની તેઓએ કદર કરી જેથી આ હઝરતો તે દેશોમાં જઈને વસ્યા. તે જ પ્રમાણે તબર્રૂકો અને આષારની ઈસ્લામી સલ્તનતો તમન્નાઓ કરતી હતી. તો શું એટલું નથી સમજાતું કે તે સલ્તનતોની ખ્વાહિશો અને પ્રયત્નો અને કદરદાનીઓના કારણે તબર્રૂકો તે દેશોમાં વધુ પ્રમાણમાં પહોંચી શકે છે.

**અમ્ર**નું એક જૂઠાણું એ છે કે, તે ઈસ્લામી દેશોમાં આષાર(તબર્રુકો)નું અધિક પ્રમાણમાં હોવા વિષેનો ઈન્કાર કરે છે અને કહે છે કે પંજાબ અને સિંધના આખા બે રાજ્યોમાં કેવળ રોઢી (સિંધ)માં એક **મૂએ મુબારક** બતાવવામાં આવે છે.

અરે ! ઈસ્લામી દેશોને એક તરફ રાખો પણ અમ્રનો ઈલ્મ પંજાબ અને સિંધ વિશે એ છે કે આખા બંને રાજ્યોમાં કેવળ એક મૂએ મુબારકમાં બતાવવામાં આવે છે ! વિચારો કે હવે જે નાદાનને પોતાના દેશની પણ ખબર ન હોય તે અન્ય દેશોની શું માહિતી ધરાવી શકે છે ? જરા પંજાબનો દૌરો કરે તો તેને ખબર પડે કે રાજ્યમાં કેટલા **તબર્રુકો** અને **આષાર શરીફ** છે.

શાહી મસ્જિદ લાહોરમાં જે **વિશ્વ વિખ્યાત તબર્રુકો** છે તેની ઝિયારત કાયમ થતી રહે છે અને દૂર દૂરના મુસલમાનો તેની ઝિયારતથી ફૈઝયાબ થાય છે તેની જ બિચારા **અમ્ર**ને ખબર નથી અને તે પોતાની અજ્ઞાનતાને તબર્રુક ન હોવાની દલીલ જણાવે છે. આ બેવકૂફી પણ વિચિત્ર પ્રકારની છે કે **અમ્ર**એ દિલ્હીની જામેઅ મસ્જિદના આષારનો ઈકરાર કર્યો અને કહ્યું કે કહેવાય છે કે ઈસ્લામી બાદશાહોએ પુષ્કળ માલ ખર્ચીને તેને હાંસલ કર્યા હતાં. હવે, આટલું કહ્યા પછી **અમ્ર** જણાવે કે તે મુહક્કિકીન ઉલમા કોણ છે ? અને તેઓની શંકા કયા કયા કારણો પણ આધારિત છે ? અને એ શંકાઓ કઈ જગાએ નકલ થયેલ છે ?

આખરી દલીલ એ છે કે, **''બેંગ્લોરમાં આ બાલોનું વિશેષ પ્રમાણ** જ સ્પષ્ટ સાક્ષી દઈ રહેલ છે કે આ બાલ જૂઠા અને બનાવટી છે.'' **અમ્ર**ની આ દલીલ અદિલ્લએ શરઈય્યહમાંની (શરીઅતમાં જેના થકી દલીલો લેવામાં આવે તે એ કે કુર્આન, હદીષ, ઈજમાઅ અને કયાસમાંની) કઈ દલીલ છે ? વિશેષ પ્રમાણમાં હોવું એ બનાવટી હોવાની દલીલ કઈ રીતે થઈ ? આગલા લખાણમાં કિતાબ **સિરતુન્નબવિય્યહ** થી હું નકલ

કરી ચૂકયો છું કે સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઉમરા પછી સર મુબારકના વાળ ઉતરાવ્યા અને સહાબાએ કિરામે ઘણી કોશિશો વડે (પડાપડી કરીને) મૂએ મુબારક હાંસલ કર્યા. સર મુબારકના તમામ મૂએ શરીફ કેટલી વિશેષ સંખ્યામાં હશે એ સમજી શકાય તેવી વાત છે, જેથી અધિકપણાને બનાવટી હોવાની દલીલ સાબિત કરવી એ ખૂદ મોટી બનાવટ બાજી છે.

એ કેટલા આશ્ચર્યની વાત છે કે **આષારે મુબારકહ્**ની અઝમત તથા હુરમત અને તેનાથી ફાયદો તથા બરકત મેળવવી એ બાબતો તો કુર્આન શરીફ તથા મુબારક હદીષો તેમજ સહાબાએ કિરામ رضی اللہ عنہ ના કાર્ય તથા અમલો (હાલતો)થી સાબિત છે તેને અમ્ર તથા તેના સાથીઓ **શૈતાની કયાસો** (અટકળો) અને **જૂઠી વાતો**થી રદિયો આપી રહ્યા છે, ન કોઈ આયાત તેના સમર્થનમાં છે, ન હદીષ, ન સહાબીઓના અકવાલ તથા કાર્યો (અફઆલ), ન દીનના ઈમામોના હુકમો રજૂ કરે છે. બલ્કે દીનમાં પોતાની ફસાદ ફેલાવનારી રાય (વિચાર)ને દખલ દઈને જે ચીજો શરીઅતમાં સાબિત અને કુર્આન તથા હદીષમાં મૌજૂદ અને સહાબાએ કિરામ رضی اللہ عنہم નો દસ્તૂર છે તેને બિદઅત તથા નાજાઈઝ બલ્કે આષાર પરસ્તી સુધ્ધાં કહી રહ્યા છે અને શિર્ક સુધ્ધાં બતાવી રહ્યા છે ! અને હકીકતમાં ખૂદ બિદઅતમાં ગિરફતાર છે. તેઓનું પોતાની રાયને દીનમાં દાખલ કરવું **બિદઅતે સૈયેઅહ** (બુરી બિદઅત) અને બેદીની છે. વળી મજાની વાત તો એ છે કે વહાબી આષાર પરસ્તી તો કહી દે છે પરંતુ **પરસ્તિશ**ના અર્થથી તદ્દન નાવાકિફ અને અજાણ છે. આ કોઈ ખાસ વહાબીની વાત નથી પણ દુનિયાનો કોઈ પણ વહાબી હોય તેનામાં શું મજાલ છે કે તે **શિર્ક** તથા **બિદઅત** અને **પરસ્તિશ**નો અર્થ બતાવે અને આષાર શરીફની તાઝીમ ઉપર એ કઈ રીતે લાગુ પડે છે તે બયાન કરે. **જો મુતલક (કોઈપણ) તાઝીમને ઈબાદત તથા પરસ્તિશ કહે, તો પછી મખ્લૂકમાં તે કોઈની પણ તાઝીમ નથી કરી શકતો, ન બાપની, ન ઉસ્તાદ, ન હાકિમની, ન આકાની, ન કોઈ દીની પેશ્વાની. જો કોઈની તાઝીમ કરી તો મુશ્રિક થઈ જશે ! અને જો પરસ્તિશ તથા ઈબાદતનો અર્થ એ સિવાય અન્ય કાંઈ છે તો તબર્રુકાતની તાઝીમ પર કેવી રીતે લાગુ પડે છે ?**





**તાબૂતે સકીનહ્** કે જેનું વર્ણન કુર્આન મજીદમાં છે અને હું લખાણની શરૂઆતમાં તેનું વર્ણન કરી ચૂકયો છું તેના સંબંધે **અમ્ર** કહે છે કે :–

"બેશક ! બની ઈસ્રાઈલમાં આષાર પરસ્તી હતી અને તે આષાર પરસ્તીનું પરિણામ એ છે કે બની ઈસ્રાઈલે અંબિયા અને પોતાના સરદારોની તસ્વીરો અને બુત સુધ્ધાં બનાવી દીધાં, એટલા માટે તેઓના ઉપર ખુદાની લા'નત અને ગઝબ પણ છે."

**બદ લગામી અને બેદીનીની હદ થઈ ગઈ !** બદનસીબોના આ એ'તેકાદ (માન્યતાઓ) છે ! **તાબૂતે સકીનહ્**ને બુત પરસ્તી અને બુત પરસ્તીનો ઝરીયો સમજી રહ્યા છે ! આ **તાબૂતે સકીનહ્** અંબિયાઓમાં રહ્યું, ખુદાવંદે આલમે તેને મલિકે તાલૂત અને હઝરત શમુઈલ નબી علیہ الصلوٰۃ والسلام ની સચ્ચાઈની નિશાની બનાવી મોકલ્યું. તો શું બેદીન વહાબી આષાર પરસ્તી અને બુત પરસ્તી કરાવવાનો ઈલ્ઝામ તથા તોહમત ખુદા પર અને તેના અંબિયાઓ પર મૂકે છે ?! **આ છે વહાબિયતની ગુમરાહી !**

**અમ્ર**નો એક વધુ આક્ષેપ એ છે કે, "તે આષારને તે જ સહાબીઓની વસિય્યતના પ્રમાણે તેઓના કફનો સાથે બાંધીને તેઓની સાથે દફન કરી દેવામાં આવતાં હતાં." એટલે કે હમેશાં એ જ દસ્તૂર હતો. **આ તદ્દન જૂઠાણું અને ઉઘાડો આક્ષેપ છે.** હઝરત ખાલિદ رضی اللہ عنہ ની રિવાયત આગળ આવી ગઈ છે કે તેમની પાસે મૂએ મુબારક હતા. તો તેના વિશે કફનમાં બાંધવાની રિવાયત કોણે નકલ કરી છે ? આવી પાયાહીન વાતો પર વહાબીઓના અકીદા નભેલા છે !

**હઝરત અમીર મુઆવિયહ** رضی اللہ عنہ ની પાસે સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના મૂએ મુબારક અને નાખૂન મુબારક હતાં. જેને તેમણે ઘણી કોશિશ વડે મેળવ્યા હતા અને જાનથી પણ અધિક તેને પ્રિય સમજતા હતા અને વિસાલ બાદ તેની દૂરી મંઝૂર ન હતી અને કબરમાં પણ તેનાથી બરકત હાંસલ કરવાની તમન્ના હતી, એટલા માટે તેમણે એ વસિય્યત કરી હતી કે તબર્રુકોમાંથી કેટલાક તો તેમના મુખ મુબારકમાં અને કેટલાક આંખો પર રાખી દેવામાં આવે. અને તેને આપ રહમતે ઈલાહીથી ફૈઝયાબ થવાનો વસીલો સમજતા હતા. *(ઝિક્રુસ્સિયૂતી ફી તારીખિલ્ખુલફા)*

કયાં હઝરત મુઆવિયહ رضی اللہ عنہ ની વસિય્યત કે જેનાથી જાહેર થાય છે કે **સહાબાએ કિરામ બાલ મુબારક તથા તબર્રુકો વડે જીવન દરમિયાન તથા વિસાલ બાદ, આ દુનિયામાં અને તે દુનિયામાં આ રીતે બંને દુનિયામાં ફૈઝ હાંસલ કરવાનો શોખ ધરાવતા હતા. અને કયાં વહાબીઓનો આક્ષેપ કે તેઓ પોતાના કફનમાં બાંધીને પોતાની સાથે દફન કરવાની વસિયત કરતા હતા ?! જેનાથી વહાબીઓનો આશય એ છે કે તેઓ એ તબર્રુકોને દફન કરાવી દેતા હતા જેથી કોઈ તેનાથી બરકત હાંસલ કરવાનો ખયાલ ન કરે !** (અલ્લાહની પનાહ)

વળી વહાબીએ આ આક્ષેપને તમામ તબર્રુક રાખનારાઓ તરફ સંબંધિત કર્યો છે, આ તોહમત પર તોહમત છે. અને **અમ્ર**નો મુદ્દો આ તોહમતથી એ છે કે સહાબીઓ આષાર મુબારકથી બરકત હાંસલ ન કરતા હતા. આ મુદ્દો બાતિલ અને હદીષોની વિરૂધ્ધ છે. **સીરતુન્નબવિય્યહ**ની ઈબારતમાં વર્ણન થઈ ચૂકયું છે જેનાથી સ્પષ્ટ જાહેર છે કે **સહાબીઓને મુબારક તબર્રુકોથી બરકત હાંસલ કરવાનો કમાલનો શોખ હતો અને મૂએ મુબારક હાંસલ કરવા માટે તેઓએ ખૂબ જ કોશિશ કરી. શિફા શરીફ**ની ઈબારતના શબ્દો સ્પષ્ટ બતાવી રહ્યા છે કે હઝરત ખાલિદ رضی اللہ عنہ બરકત હાંસલ કરવાનો એ'તેકાદ રાખતા હતા અને તે એવો એ'તેકાદ કે જાનને ખતરામાં નાખી દીધી. આ તો હુઝૂરે પૂરનૂર સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના મૂએ મુબારક છે જે બંને જહાનથી અફઝલ તથા આ'લા છે, પણ જે બાલો પર સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم નો હાથ મુબારક એક વખત ફરી ગયો હોય તો સહાબાએ કિરામ જીવનભર તેની અદર કરતા હતા.

**શિફા શરીફ**માં છે, (અર્થ) : રિવાયત છે કે સફીનહ બિન્તે નજદહ જે હઝરત અબૂ મહમૂરહ કર્શી સહાબી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના મુઅઝ્ઝિનનાં પત્નીથી મરવી છે, તે બયાન કરે છે કે અબૂ મહઝૂરહ્ رضی اللہ عنہ ના માથાની આગલી બાજુ પેશાનીથી લાગેલ હતી તેના વાળ એટલા પ્રમાણમાં લાંબા હતા કે જ્યારે હઝરત અબૂ મહઝૂરહ બેસીને તેને ખોલતા તો તે જમીન સુધી પહોંચી જતા. લોકોએ તેમને કહ્યું કે, આપ તે બાલોને





કપાવતા નથી ? તો ફર્માવ્યું કે, **હું આ વાળોને કપાવવાનો નથી ! કેમ કે તેને રસૂલે કરીમ** صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાના **દસ્તે મુબારક વડે સ્પર્શ ફર્માવ્યો છે.**

એનાથી સાબિત થયું કે સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના દસ્તે મુબારક (હાથ મુબારક)ના સ્પર્શનો સહાબાએ કિરામ એહતેરામ કરે છે અને તે બરકતને હાંસલ કરવાને માટે આ એહતેરામ કરે છે. અને તે બાલોનું આટલા પ્રમાણમાં વધારવું તે તબર્રુકના કારણે મકરૂહ પણ નથી રહેતું, ભલે બીજાના હકમાં કેટલાકની નજીક એ મકરૂહ પણ હોય.

અલ્લામહ્ અહમદ શહાબુદ્દીન ખફ્ફાજી رحمۃ اللہ علیہ કાઝી અયાઝની **શિફા શરીફ**ની શરહ **નસીમુર્રિયાઝ**માં એના હેઠળ ફર્માવે છે કે, જ્યારે તેને સહાબી એ તબર્રુક રૂપે બાકી રાખ્યું કેમ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેને પોતાના હાથ મુબારકનો સ્પર્શ કર્યો હતો જેથી એ કારણે તેની કરાહત દૂર થઈ.

આ છે **આષાર શરીફના આદાબ, જે અસ્હાબે રસૂલ** صلی اللہ تعالیٰ علیہ وسلم **નો દસ્તૂર છે.**

**બુખારી શરીફ** માં એક હદીષ અબૂ હુઝૈફહ્ رضی اللہ عنہ થી મરવી છે, ફર્માવે છે (અર્થ) : હુઝૂર અનવર صلی اللہ تعالیٰ علیہ وسلم અમારી ન્યાઝમંદોની જમાઅતમાં જલ્વા અફરોઝ થયા. બપોરનો સમય હતો. વઝૂ માટે પાણી મંગાવવામાં આવ્યું. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ વુઝૂ ફર્માવ્યું તો અસ્હાબે કિરામ આપના વુઝૂના પાણીને લઈને પોતાના ચહેરાઓ પર ઘસવા લાગ્યા. (બુખારી શરીફ, ભાગ–૧)

**ઈમામ બુખારી** رحمۃ اللہ علیہ ના પ્રકરણનો વિષય એ વાત સૂચવે છે કે તે વઝૂના પાણીથી તે પાણી મુરાદ છે જે અંગ મુબારકોથી વહીને આવ્યું. કેમ કે **ઉમ્દતુલ કારી શરહે સહીહ બુખારી**માં અલ્લામા બદરૂદ્દીન અબૂ મુહમ્મદ મહમૂદ ઈબ્ને અહમદ અયની કુદ્દેસ સિર્રહૂ ફર્માવે છે :

**(અર્થ)** : ''અને જો બુખારીના તે પ્રકરણના નિર્દેશનો લેહાઝ ન કરવામાં આવે અને વુઝૂ બાદ વાસણમાં વધેલ પાણી મુરાદ લેવામાં આવે તો પણ દાવો એથી પણ ઉત્તમ રીતે સાબિત છે કે જે પાણી અંગ મુબારકથી

હજુ સ્પર્શ પામ્યું પણ નથી અને કેવળ એટલી નિસ્બત ધરાવે છે કે વુઝૂ વખતે તે વાસણમાં હતું જેના વડે હુઝૂરે અનવર صلی اللہ تعالیٰ علیہ وسلم એ વુઝૂ ફર્માવ્યું તેની સહાબાએ કિરામે આટલી અઝમત કરી ! તો સાબિત થયું કે **જે ચીજ હુઝૂર સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم થી અદના નિસ્બત પણ ધરાવે તેનો એહતેરામ અને તેનાથી બરકત હાંસલ કરવી એ અસ્હાબે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم નો દસ્તૂર હતો** જેને હુઝૂરે અનવર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સમક્ષ અદા કરવામાં આવ્યો અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ મના ન ફર્માવ્યું.

હઝરત અલ્લામા બદરુદ્દીન અબૂ મુહમ્મદ મહમૂદ અયની કુદ્દેસ સિર્રહૂ હદીષની શરહમાં ફર્માવે છે : (અર્થ) આ હદીષમાં સાલેહીનના તબર્રુકોથી બરકત પામવાનું જાઈઝ હોવાની સાબિતી છે.

તદ્ઉપરાંત એના અનુસંધાનમાં **ઈમામ બુખારી** رحمۃ اللہ علیہ એ એક હદીષમાં એ રિવાયત કરી છે :

**(અર્થ)** : હઝરત અબૂ મૂસા رضی اللہ عنہ એ ફર્માવ્યું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એક વાસણ મંગાવ્યું જેમાં પાણી હોય. પછી તેમાં દસ્ત મુબારક અને ચહેરો મુબારક ધોયો અને (તેમાં) કુલ્લી કરી. પછી હઝરત અબૂ મૂસા અને હઝરત બિલાલને ફર્માવ્યું કે તેમાંથી પી લો અને પોતાના ચહેરા તથા છાતીઓને તેનાથી ભીની કરો. (બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૩૧)

એનાથી સાબિત થયું કે આષારે મુબારકહ્ (તબર્રુકાત)થી બરકત હાંસલ કરવાનો હુકમ ખાસ હુઝૂર પૂરનૂર સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યો. તેના પછી બુખારી શરીફમાં એક બીજી હદીષ છે તેના અંતમાં છે, (અર્થ) : **જ્યારે નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم વુઝૂ કરતા તો વુઝૂના અંગોએથી વહેતું પાણી હાંસલ કરવાના માટે સહાબીઓની ભીડ અને તેને પામવાના ઉમંગનો એ આલમ હતો કે જાણે આપસમાં કપાઈ મરશે.** (બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૩૧).

એનાથી જણાયું છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના અંગોએથી વુઝૂ કર્યા બાદ ટપકતું મુબારક પાણી સહાબાએ કિરામને પોતાની જાનોથી વધુ પ્રિય તથા મહબૂબ હતું. **આ છે ઈમાનની શાન અને કામિલ મહોબ્બતની નિશાની.** આ શોખથી ઈમાનવાળા જ ખબરદાર છે.





તે જ બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૩૭૯માં છે કે, (અર્થ) : **"અલ્લાહ (عزوجل)ની કસમ ! નાક મુબારકની રતૂબત (લીંટ મુબારક) જ્યારે સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ (નાકથી) અલગ ફર્માવી તો જરૂર સહાબીઓમાંથી કોઈ સહાબીના હાથમાં આવી અને તેમણે બરકતના માટે તેને પોતાના ચહેરા પર લગાડી દીધી.** અને જ્યારે રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેઓને કોઈ હુકમ ફર્માવ્યો તો તુરંત તેનું પાલન કર્યું. અને જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ વુઝૂ કર્યું તો જણાતું કે જાણે તે પાણીના માટે (જે વુઝૂના અંગો પરથી પડતું) લડી પડશે."

આ હાલ છે અસ્હાબે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم નો અને આવી અઝમત તથા મહોબ્બત તેઓના દિલોમાં છે અને આ છે મહાન સહાબીઓના ઈમાનના આષાર ! તેમના મહોબ્બત તથા અકીદતના જઝબાની તો એ હાલત છે કે તેઓ પોતાના મકાનમાં નમાઝના માટે કોઈ જગા નક્કી કરવા ચાહે છે તો એ પણ ચાહે છે કે તે જગા પર પ્રથમ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નમાઝ અદા ફર્માવે. અને તે જગાને હુઝૂરની તશરીફ આવરીથી બરકત તથા ઈજ્જત હાંસલ થતી જેથી હમેશાંના માટે એ જગા મોહતરમ થઈ જતી.

જેમ કે બુખારી શરીફમાં મહમૂદ ઈબ્ને રબીઅ અન્સારી رضی اللہ عنہ થી મરવી છે કે ઉત્બાન ઈબ્ને માલિક સહાબી અન્સારી બદરીએ સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના મુકદસ દરબારમાં અર્ઝ કરી અને એ તમન્ના દર્શાવી કે, (અર્થ) : યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મારી આરઝૂ છે કે હુઝૂર નિયાઝમંદના ઘરે તશરીફ લાવતા અને મારા મકાનમાં નમાઝ અદા ફર્માવતા અને હું તે જગ્યાને નમાઝ માટેની જગા નક્કી કરતો. હુઝૂરે તે અર્ઝને કબૂલિયાતનો શરફ બખ્શ્યો અને ફર્માવ્યું : ઈન્શાઅલ્લાહુ તઆલા તે પ્રમાણે કરવામાં આવશે. ઉત્બાન કહે છે, પછી હુઝૂરે અનવર صلی اللہ تعالیٰ علیہ وسلم એ બંદાનવાઝી ફર્માવી (ગુલામને નવાઝયો) અને નિયાઝમંદના ઘરવાળાઓને પોતાના મુબારક કદમો વડે શરફ (બુઝુર્ગી) બખ્શી દીધો. હઝરત અબૂ બક્ર સિદ્દીક رضی اللہ عنہ આ મુબારક પ્રસંગમાં હુઝૂરની સાથે ચાલતા હતા, સૂરજ ખીલી ઉઠયો હતો. હુઝૂરે મકાનમાં દાખલ થતાં જ ફર્માવ્યું : **"તમે તમારા મકાનમાં કઈ જગાને પસંદ કરો છો જેથી હું ત્યાં નમાઝ અદા ફર્માવું."** મેં મકાનનો એક ખૂણો નક્કી કર્યો. હુઝૂર

ત્યાં ગયા, તકબીર ફર્માવી, અમે સફ બાંધી અને હુઝૂરે બે રકઅત નમાઝ અદા કરીને સલામ ફેરવી.''

હઝરત ઈમામ અલ્લામા શહાબુદ્દીન ઈબ્ને હજર અસ્કલાની رحمۃ اللہ علیہ **ફત્હુલબારી શરહે સહીહ બુખારી**માં આ હદીષ હેઠળ ફર્માવે છે : (અર્થ) ''આ હદીષથી એની સનદ મળે છે કે જે જગાઓ ઉપર નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ નમાઝ પઢી હોય અથવા કદમે અકદસ વડે જે જમીનને મુબારક પગના સ્પર્શનો શરફ બખ્શ્યો હોય તે એ લાયક છે કે તેનાથી બરકત હાંસલ કરવામાં આવે. અને તેમાં છે : (અર્થ) **''આ હદીષમાં એની પણ સનદ મૌજૂદ છે કે ઈમામ તથા આલિમ જો કોઈના મકાનમાં તશરીફ લાવેલા હોય તો મહોલ્લાવાળાઓએ ફાયદો તથા બરકત તલબ કરવા માટે ભેગા થવું જાઈઝ છે.''** આ ઈજતેમાઅ (એકત્ર થવા)થી વહાબીઓ ચીડાય છે અને તેને તમાશો કહે છે અને આ તમામ ગલતીઓનો પાયો તેઓની અજ્ઞાનતા પર છે, હદીષના ઈલ્મથી અજાણપણુ છે, નહીં તો જે બાબત આટલી બેશુમાર હદીષોથી સાબિત હોય તો ઈલ્મવાળો તેનાથી કઈ રીતે ઈન્કાર કરી શકે છે ? (હવાલો ફત્હુલબારી, ભાગ–૧, પેજ–૩૬૦)

**મુસ્લિમ શરીફ**ની હદીષ છે, (અર્થ) : હઝરત અસ્મા બિન્તે અબીબક્ર સિદ્દીક رضی اللہ عنہ એ એક **તિયાલિસ્યહ્ ઝભ્ભા શરીફ** (એક પ્રકારનો ઝભ્ભો) કાઢયો જેમાં ગરેવાનની જગ્યાએ એક રેશમી ટુકડો લાગેલો હતો. અને રેશમ વડે જ ચાક (ગરેવાન) બંધ કરેલ હતું. હઝરત અસ્માએ ફર્માવ્યું કે આં હુઝૂરે અનવર صلی اللہ تعالیٰ علیہ وسلم નો ઝભ્ભા શરીફ છે જે હઝરત ઉમ્મુલ મો'મિનીન આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ની પાસે હતો. તેમની વફાત પછી મેં લઈ લીધો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તેને પહેરતા હતા. **અમે તેને બીમારોના માટે ધોઈએ છીએ અને તેની બરકતથી તંદુરસ્તી મેળવીએ છીએ.**

આ હદીષથી હુઝૂર સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના આષાર મુબારક (તબર્રુક)થી બરકત હાંસલ કરવાનું મુસ્તહબ હોવું સાબિત થયું. જેમ કે ઈમામ નવવી શારેહે મુસ્લિમ આ હદીષની શરહમાં ફર્માવે છે : (અર્થ) આ હદીષમાં સાલેહીનના આષાર (તબર્રુકો) અને તેમના પોષાકથી બરકત





હાંસલ કરવી મુસ્તહબ હોવાની દલીલ છે. ઈમામ નવવી رحمۃ اللہ علیہ એ તબર્રુકનું મુસ્તહબ હોવું આમ (સર્વ સામાન્ય) ઠરાવ્યું, જેથી હવે વહાબીઓનો એ ફરેબ પણ બાતિલ થયો કે એ હુઝૂર સિવાય અન્ય કોઈના આષાર (તબર્રુક) સાથે જાઈઝ નથી. (બલ્કે દરેક બુઝુર્ગના તબર્રુકથી ફાયદો ઉઠાવી શકાય છે.)

તદ્ઉપરાંત સાબિત થયું કે અસ્હાબે કિરામ ખૂબ જ શોખની સાથે હાંસલ કરતા અને ખૂબ જ અઝમતની સાથે રાખતા અને તેની ઝિયારત (દીદાર) કરાવતા અને તેનાથી બરકત તથા તંદુરસ્તી મેળવવાનો એ'તેકાદ રાખતા હતા. તેને ગુસ્તાખ અમ્ર આષાર પરસ્તી કહે છે ! ખુદાથી ડરે અને અજ્ઞાનતા (જેહાલત)ની બેલગામીમાં આ રીતે ઉધ્ધત ન બને !

આ હદીષની શરહમાં હઝરત સનદુલ મુહદ્દિષીન શયખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે (અર્થ) : **હઝરત અસ્માનું તે ઝભ્ભા શરીફ લાવવું અને લોકોમાં તેને જાહેર કરવું એ આ ઝભ્ભાની નેઅમત તથા બરકત જાહેર કરવા માટે હતું.** (અશ્અતુલ્ લમ્આત, ભાગ–૨, પેજ–૪૪૬)

ઉપરોકત પ્રસંગથી વહાબીઓના એ બહાનાનો પણ કિલ્લો ધરાશાયી થઈ ગયો કે આષારની ઝિયારત કરાવવી જાઈઝ નથી, જેને તે બેશરમોએ તમાશો અને મેળા તથા થેળાના અયોગ્ય શબ્દો સાથે સરખાવીને પોતાની ગુસ્તાખી તથા બેઅદબીનું પ્રદર્શન કર્યું છે. હઝરત શૈખ કુદ્દેસ સિર્રહૂએ સ્પષ્ટરૂપે ફર્માવી દીધું કે, **''હઝરત અસ્મા પોષાક શરીફને લોકોને દેખાડવા માટે અને ઝિયારત કરાવવા માટે બહાર કાઢતાં હતાં.''** આ જ હઝરત શૈખ તે જ હદીષની શરહમાં એક જગાએ ઈર્શાદ ફર્માવે છે : (અર્થ) **તે ઝભ્ભા મુબારકને જાહેર કરવાનો હેતુ કેવળ તબર્રુકને જાહેર કરવાનો હતો.**

અલ્લામા કસ્તલાની મવાહિબે લદુન્નિયહ્માં ઈમામ બુખારી તથા મુસ્લિમની હદીષ નકલ ફર્માવે છે : (અર્થ) હુઝૂર સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ચાંદીની અંગૂઠી બનાવી તે હુઝૂરના દસ્તે મુબારકમાં રહી. પછી હઝરત અબૂબક્ર رضی اللہ عنہ ના, પછી હઝરત ઉમર رضی اللہ عنہ ના દસ્તે

મુબારકમાં રહી. પછી હઝરત ઉસ્માન رضی اللہ عنہના (દસ્તે મુબારકમાં રહી). પછી તે ચાહે ઉરૈસ (ઉરૈસ કૂવા) માં પડી ગઈ. હઝરત અબૂબક્ર, ઉમર તથા ઉષ્માન رضی اللہ عنہم હાથમાં રહેવાનો અર્થ કયાં તો એ છે કે તે હઝરતોએ તબર્રુકની નિય્યતથી તેને પહેરી. જેવું કે અલ્લામા મુહમ્મદ ઈબ્ને અબ્દુલ બાકી ઝુર્કાનીએ તેની શરહમાં ફર્માવ્યું છે : (અર્થ) તેઓના હાથોમાં હોવાનો મતલબ કયાં તો એ છે કે તે હઝરાત તેને પહેરતા હતા. તો ઈમામ નવવીના કથન મુજબ તેનાથી સાલેહીનના આષારની સાથે તબર્રૂકની સાબિતી મળે છે, અથવા એ અર્થ છે કે તે હઝરાત તેને પોતાની પાસે રાખતા હતા. કેમ કે કોઈ વસ્તુને પોતાના કબ્જામાં રાખવાને પણ હાથમાં હોવું ગણાવવામાં આવે છે, જેમ કે ઝુર્કાનીમાં દર્શાવેલ છે.

જયારે આ મુબારક અંગૂઠી કૂવામાં પડી ગઈ તો સહાબાએ કિરામે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ સહિત ત્રણ દિવસ સુધી શોધી અને કૂવાનું પાણી કાઢી નાખ્યું. તેનું કારણ એ જ હતું કે તે (અંગૂઠી મુબારક) હુઝૂર સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلمના આષાર મુબારકમાંથી હતી.

ઝુર્કાનીમાં છે, (અર્થ) : ''આ અંગૂઠીની તલાશમાં આ પ્રમાણે અતિરેક કરવાનું કારણ એ હતું કે તે હુઝૂર અનવર صلی اللہ تعالیٰ علیہ وسلمના આષાર શરીફમાંથી હતી અને હુઝૂરે તેનો ઉપયોગ કર્યો હતો અને તેના વડે મોહર ફર્માવી હતી.

'' હવે જણાયું કે અસ્હાબે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم અને ખુલફાએ રાશિદીનની નઝદીક આષારે મુબારકની કેટલી બધી કદર છે અને તે કેટલા પ્રમાણમાં કાળજી લે છે !

હવે જુઓ કે બુઝુર્ગાને દીનનો એ'તેકાદ શું છે અને કેટલી હદે આષાર શરીફની અઝમત તેઓના દિલોમાં છે ? ઝુર્કાનીમાં છે, (અર્થ) : ''આ ઈબાદતનો ભાવાર્થ એ છે કે (આ) પ્રસંગ હઝરત ઉષ્માનગની رضی اللہ عنہની ખિલાફતના સાતમાં વરસે ઉપસ્થિત થયો. તે જ દિવસથી ખિલાફતનું કાર્ય ખલેલમાં પડયું અને ખારજીઓએ આપની સાથે બગાવત (દ્રોહ) કરી અને તે જ આ ફિત્નાની શરૂઆત હતી જેના પરિણામે આપની શહાદત થઈ અને તે ફિત્નો છેવટ સુધી કાયમ રહ્યો. કેટલાક ઉલ્માએ ફર્માવ્યું





કે કોઈ એવું રહસ્ય હતું જેવું કે હઝરત સુલૈમાન علیہ الصلوٰۃ والسلام ની અંગૂઠીમાં હતું કે જયારે ગુમ થઈ તો મુલ્ક જતો રહ્યો.'' (ઝુર્કાની, ભાગ–૫, પેજ–૩૦)

આષાર મુબારક (તબર્રુકાત)ના વિશે એટલી બધી રિવાયતો છે કે તેને આ નાની કિતાબમાં એકત્ર કરવી શકય નથી. અને ખુદાના ફઝ્લથી જેટલી રિવાયતો લખવામાં આવી તે વિરોધીઓની શંકાઓને નેસ્તોનાબૂદ કરવા માટે પૂરતી છે. આ તો હુઝૂર علیہ الصلوٰۃ والسلام ના આષાર મુબારકહ્નું બયાન હતું. ખુદાની બારગાહના મકબૂલ બંદાઓ જેઓને અલ્લાહ તઆલાએ હક્ક જોવાવાળી આંખ અને દાના દિલ અતા કર્યું છે તેઓ હુઝૂરના પાક શહેરની એવી અદબ કરે છે કે હઝરત ઈમામ માલિક رضی اللہ عنہ મદીના તૈયેબહમાં સ્થાયી થયા અને તમામ જીવનભર એ કાળજી રાખી કે મદીના પાકના હરમ શરીફની હદોમાં પણ પેશાબ પાખાના માટે નથી બેઠા. હમેશાં હરમથી બહાર જતા હતા, સિવાય કે બિમાર પડે તો અશકિતના કારણે ન જઈ શકતા.

**હઝરત શાહ અબ્દુલ અઝીઝ સાહબ મુહદ્દિષ દહેલ્વી** رحمۃ اللہ علیہ **''બુસ્તાનુલ મુહદ્દિષીન''**, પેજ–૬માં લખે છે કે (અર્થ) : ''અને તે લોકો આ મામલામાં ખૂબ જ કાળજી રાખતા હતા. કહે છે કે આખા જીવન પર્યંત મદીના મુનવ્વરાના હરમ શરીફની હદમાં કદી પેશાબ પાખાનું નથી કર્યું સિવાય કે બિમારીના કારણે સખ્ત જરૂરતના લીધે.''

વહાબી બેદીન તો હઝરત ઈમામ માલિક رضی اللہ عنہની આ અદબને બિદઅતે સૈયેઅહ્ કહી શકે છે ? અને પોતાની બહાદુરી વડે તેમના વિશે એ શબ્દો જીભ પર લાવી શકે છે ? કે આવું સહાબાથી સાબિત નથી ! એ બિદઅત છે ! આ મદીના પરસ્તી છે ! આ શહેર પરસ્તી છે !! પણ સાચા ઈમાનવાળા મુસલમાનો જાણે છે કે આ ઈમાનનો તકાઝો છે. અને એનાથી આ મસ્અલો જણાય છે કે **તાઝીમી કાર્યો માટે એ જરૂરી નથી કે તેનું પૂરું ચિત્ર તથા ખાસ સ્થિતિઓનું વર્ણન કરવામાં આવે. બલ્કે અદબ કરનારાના દિલમાં જે વાત પોતાની નિયાઝમંદીના જઝબાને લીધે અદબની જણાતી હોય તે અદબ છે.** તેનો લેહાઝ (ખયાલ) રાખવો એ નેકબખ્તીની દલીલ છે.

એટલા માટે તો હઝરત ઈમામ માલિક رضی اللہ عنہ એ આ એહતેરામ કર્યો અને **શાહ અબ્દુલ અઝીઝ સાહબ મુહદ્દિષ દહેલ્વી** رحمۃ اللہ علیہ એ તેનું હઝરત ઈમામ માલિકની ખૂબીઓ અને કમાલોમાં વર્ણન કર્યું.

હઝરત ઈમામ માલિકની અદબો એથી પણ વિશેષ છે. તેમને ઈખ્લાસ તથા નિયાઝમંદીનો જઝબો એની પણ ઈજાઝત ન દેતો હતો કે મદીના પાકમાં કોઈ જાનવર પર સવાર પર થાય ! શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ તે જ ''બુસ્તાનુલ મુહદ્દિષીન''ના પેજ–૭માં ફર્માવે છે : **''કદી મદીનામાં સવારી કરતા ન હતા અને ફર્માવતા કે હું શરમ કરું છું અલ્લાહથી કે હુઝૂરના મઝારે અકદસની નજીક હું સવાર થાઉં !''**

જયારે અઈમ્માએ દીન (દીનના ઈમામો) હુઝૂર સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના શહેર મુબારક ''મદીના પાક''નો અને તે શહેરની મુબારક ખાક (ધૂળ) ની આટલી બધી અદબ કરે છે તો પછી હુઝૂરના તે ''આષાર''ની જે શરીર મુબારકથી સંબંધ ધરાવવાવાળા છે તેની કેટલી અદબ હશે ?

વિરોધીઓએ મૌલ્વી અબ્દુલહય લખનવીના ફતવાથી પણ સનદ લીધી છે. હું તેઓને મોલ્વી અબ્દુલહય લખનવીના વાલિદ સાહબનું લખાણ બતાવી દઉં જે **''નૂરૂલ ઈમાન''** પેજ–૧૦માં લખ્યું છે :–

**(અર્થ)** : હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما નમાઝ માટે અને સવારી પરથી ઉતરવા માટે અને કોઈ પસાર થવાના માર્ગોમાં તે જગાની શોધ કરે છે જ્યાં સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ નમાઝ અદા ફર્માવી હોય અને જ્યાં હુઝૂરે ઉતરાણ (રોકાણ) કર્યું હોય અને જે જગાએ સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ તશરીફ રાખી હોય અને બેઠક જમાવી હોય.''

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما પોતાનો દસ્તે મુબારક તે જગાએ રાખીને તેને બરકત તથા અદબની નિય્યતથી પોતાના ચહેરા પર ફેરવતા હતા જે જગાએ મિમ્બર શરીફ પર હુઝૂર બેસતા હતા.

**આ અમલ છે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સહાબાએ કિરામનો, તેને વહાબી શિર્ક અને પરસ્તિશ બતાવે છે !** બદનસીબોને દેખાતું નથી કે શિર્કનો નાશ કરનારા રસૂલે કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સાથીઓ (સહાબા)





જેઓને હુઝૂરે સિતારાઓની જેમ ફર્માવ્યા અને જેમને અુસરનારાઓને હિદાયત અને સીધો માર્ગ પામનારા બતાવ્યા, તેઓનાં મુબારક કાર્યો તો આ છે ! માટે મુસલમાનો તેઓનું અનુસરણ કરે અને અલ્લાહ તઆલા આપણને તેઓનું જ અનુસરણ નસીબ ફર્માવે. (આમીન...)

એ જ મૌલાના અબ્દુલ હલીમ સાહબ 'નૂરૂલ ઈમાન'ના પેજ નં. ૧૦માં ફર્માવે છે, (અર્થ) : આ જ પ્રકારની તે હદીષ છે જે તિર્મિઝીએ હઝરત કબ્ષહ رضی اللہ عنہا થી રિવાયત કરી કે હુઝૂર સૈયદે આલમ મારા ગરીબખાના પર (ઘરે) તશરીફ લાવ્યા. ત્યાં પાણી ભરેલી એક મશક લટકી રહી હતી. હુઝૂર પૂરનૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઉઠીને તેના મુખ વડે પાણી પીધું, મેં ઉઠીને મશકનું દ્વાર કાપીને મૂકી દીધું. મુહદ્દિષોએ ફર્માવ્યું કે, હઝરત કબ્ષહનું તે મુખદ્વારને કાપવું તબર્રુકના માટે હતું, કેમ કે તેની સાથે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના મુખ મુબારકનો સ્પર્શ થયો હતો.

તેમાં જ છે કે, ''બુખારીએ હઝરત ઈબ્ને સીરીં رحمۃ اللہ علیہ થી રિવાયત કરી : તેમણે કહ્યું કે મેં હઝરત ઓબૈદાથી કહ્યું કે અમારી પાસે નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના ''મૂએ (બાલ) મુબારક'' છે જે અમને હઝરત અનસ رضی اللہ عنہ તેમનાં ઘરવાળાઓ દ્વારા પહોંચેલ છે. હઝરત ઓબૈદા رضی اللہ عنہ એ ફર્માવ્યું : **મારી પાસે હુઝૂરનો એક મૂએ મુબારક શરીફ હોય તો તે મને તમામ દુનિયા અને તેના સર્વ સામાનથી વધુ પ્યારો છે.**

જુઓ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین બાલ મુબારક સાથે કેવો મહોબ્બતનો ભાવ ધરાવે છે ! એક મૂએ મુબારક તેઓને તમામ દુનિયા અને દુનિયાની તમામ સંપત્તિથી અધિક પ્યારો છે. (સુબ્હાનલ્લાહ !)

તે જ ''નૂરૂલ ઈમાન''માં લખે છે : (અર્થ) ''હઝરત ઈમામ અમ્મારાની પાસે હુઝૂર અનવર સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના મૂએ મુબારક હતા અને ઉમ્મે અમ્મારા તેને ધોઈને તેનું ધોવણ મુબારક બીમારોને પીવડાવતાં હતાં જેનાથી તેઓ તંદુરસ્ત થઈ જતાં હતાં.'' જુઓ ! મૂએ મુબારક અને ''આષાર શરીફ'' (તબર્રુકાત)ની સાથે સહાબીઓનો આ

એ'તેકાદ છે. **આષાર પરસ્તી કહેનારા વહાબીઓ આંખો ખોલીને જુએ કે કેટલા સહાબાએ કિરામ કેવી રીતે તબર્રુકાત એકબીજાને પહોંચાડતા અને કેવી અકીદતથી રાખતા હતા ! તેનાથી કેવી બરકતો હાંસલ કરતા હતા !**

તે જ "નૂરુલ ઈમાન"માં છે, (અર્થ) : હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ رضی اللہ عنہما ની પાસે હુઝૂરે અનવર સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના કેટલાંયે તબર્રુકો હતાં. તેમાં **બે મોજા શરીફ, એક ચાદર મુબારક, એક કમંડલ શરીફ** હતાં. હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ رضی اللہ عنہما તેની હિફાઝત કરતા હતા, તેના માટે કાળજીથી વ્યવસ્થા કરતા અને દરરોજ તે મહાન તબર્રુકોની ઝિયારત કરવાની ખુશનસીબી પ્રાપ્ત કરતા. અને જ્યારે તેમની પાસે "સાદાત" માંથી કોઈ સહાબા તશરીફ લાવતા તેમને ત્યાં લઈ જતા અને કહેતા કે આ તે જનાબે પાકનો વારસો છે જેમના લીધે અલ્લાહ તઆલાએ તમને ઈજ્જતદાર અને બુઝુર્ગ બનાવ્યા.

આ પરથી તબર્રુકાતને હિફાઝતની સાથે રાખવાં, તેની ઝિયારત કરવી અને અન્યોને ઝિયારત કરાવવાનું સાબિત થયું, જેને બદઅકીદા વહાબી તમાશો કહે છે. (નઊઝુબિલ્લાહ)

તે જ "નૂરૂલ ઈમાન"માં લખે છે (અર્થ) : તે જ પ્રકારમાંથી છે કે તે **સંગ મુબારક** (પથ્થર મુબારક)ને સ્પર્શ કરવો જે ઝુકાકુલ હજર (ગલીનું નામ)માં હઝરત ઉમ્મુલ મો'મિનીન બીબી ખદીજહ رضی اللہ عنہا ના દૌલતખાના (ઘર)ના રસ્તામાં એક દીવાલમાં જડેલ છે. લોકો તેની ઝિયારત કરે છે અને લોકો તે પથ્થર મુબારક પર હાથ રાખીને બરકત હાંસલ કરે છે.

ઈમામ ઈબ્ને હજર મક્કી رضی اللہ عنہ એ ફર્માવ્યું : આ તે જ પથ્થર છે કે જે નબુવ્વત (ના એલાન) પહેલાં હુઝૂર સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની હુઝૂરમાં સલામ અર્ઝ કર્યા કરતો હતો. (સુબ્હાનલ્લાહ !) ઉપરોકત મૌલાના ફર્માવે છે કે તે પથ્થર મુબારક પર આ બે શે'ર લખેલા છે તેનો ભાવાર્થ એ છે કે, **"હું તે જ છું જે હમેશાં હઝરત ખૈરુલ્વરા صلی اللہ تعالیٰ علیہ وسلم ની હુઝૂરમાં સલામ અર્ઝ કર્યા કરતો હતો, તો મારા માટે બશારત છે. મેં સાહિબે મઆલીથી ફઝીલત મેળવી કે હું પથ્થર હોવા છતાં**





**આ ફઝીલતથી મુમતાઝ થયો."** અને તે જ મહોલ્લામાં તે જ પથ્થર શરીફની સામે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની કોણી મુબારકનું નિશાન છે. મરવી (રિવાયત થયેલ) છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તે દિવાલ સાથે ટેકો લગાડીને બે વખત હે અબૂબક્ર ! ફર્માવીને પોકાર્યું.

એનાથી જણાયું કે હિજાઝ મુકદ્દસમાં હુઝૂર સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના "આષાર શરીફ" મૌજૂદ છે. અને **વહાબી**નું એ કથન **બાતિલ** તથા **ગલત** છે કે ત્યાં આષારે મુબારકહ્નું નામ નિશાન સુધ્ધાં નથી.

તદ્ઉપરાંત એ પણ સાબિત થયું કે લોકો તેની ઝિયારત કરે છે અને તેનાથી બરકત હાંસલ કરે છે. અને ઉલમા તથા અઈમ્માએ દીન (દીનના ઈમામો) તેને સનદ બનાવે છે. તેનાથી વહાબીના એ કથનનું બાતિલ (ખોટુ) હોવું જાહેર થાય છે કે આષારને દેખાડવા નાજાઈઝ છે. અને એ પણ સાબિત થાય છે કે, **કોઈ આષારની સાબિતી માટે એ પૂરતું છે કે મુસલમાનોમાં તેની ઝિયારતનો રિવાજ રહ્યો હોય.**

ઈમામ ઈબ્ને હજર મક્કી رحمۃ اللہ علیہ એ તેને દલીલ ઠરાવી. તે જ **નૂરૂલ ઈમાન** પેજ–૧૮માં છે : (અર્થ) મનકૂલ છે કે હઝરત ખાતૂને જન્નત ફાતિમહ્ ઝોહરા رضی اللہ عنہا એ હુઝૂર સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم કબરે અન્વરમાં જલ્વા ફર્મા થયા બાદ કબર મુબારકેથી એક મુઠ્ઠી ખાક લઈને પોતાની આંખોએથી ઘસી અને રૂદન કર્યું.

એનાથી જણાયું કે બુઝુર્ગોની કબર શરીફની ખાક (માટી)થી બરકત પ્રાપ્ત કરવી પણ એહલે બયતે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ની સુન્નત છે.

તે નાદાનોને અલ્લાહ તઆલા હિદાયત આપે જેઓ આટલી અઢળક રિવાયતો હોવા છતાં તાઝીમ તથા ઝિયારત તથા તબર્રુક અથવા બુઝુર્ગાને દીનના આષાર ખાસ કરીને સૈયદુલ મુરસલીન صلی اللہ تعالیٰ علیہ وسلم ના આષારને આષાર પરસ્તી અને બિદઅત તથા શિર્ક કહે છે તેઓ કેટલી બધી ગુમરાહીમાં છે ! આટલી સનદો, આવા તદ્દન સ્પષ્ટ અને ઉઘાડા અઢળક દ્રષ્ટાંતો મૌજૂદ હોવા છતાં આષારે મુબારકની તાઝીમ તથા તૌકીર તથા ઝિયારત તો બિદઅત થઈ જાય ! અને બિદઅતિયા વહાબીઓના મદરસા, જલ્સાઓ, ઈમ્તેહાન તથા દસ્તાબંદી અને દારુલ હદીષની તા'મીર

અને મુદર્રિસોને પગારથી રાખવા, નિસાબ (કોર્સ) નક્કી કરવો, છુટ્ટીઓ પાડવી, દિવસ નિશ્ચિત કરીને જલ્સાના માટે દા'વતો આપવી, જલ્સાઓને ડેકોરેશનથી શણગારવા, રોશની કરવી અને તેમાં ખર્ચાઓ અને લોકોની ભીડ અને જાહેર પ્રદર્શન અને કાગળની ઝંડીઓ અને મજલિસગાહોને તમાશાગાહ બનાવવી જેવું વર્તમાન સમયમાં તમામ વહાબીઓના મદ્રસાઓમાં થઈ રહેલ છે, આમાંનું કાંઈ પણ બિદઅત ન થયું ?!

દિલ્હીના ગૈરમુકલ્લિદે (અહલે હદીષવાળાએ) કહ્યું કે, "મદ્રસા તો બિદઅત નથી કેમ કે સુફ્ફા શરીફ મદરસો જ હતો !" તો તે બતાવે કે કઈ હદીષમાં છે કે તે મદ્રસો જ હતો અને ત્યાં કઈ કઈ કિતાબનો દર્સ થતો હતો ? કેટલા મુદર્રિસો મુલાઝિમ હતા ? શું શું પગારો નક્કી કરેલા હતા ? છુટ્ટીના કયા કયા દિવસો નિશ્ચિત હતા ? જો આ કાંઈ ન હતું તો પછી તમારા મદ્રસા તમારા કાયદા મુજબ **બિદઅતે સૈયેઅહ** છે. દસ્તાર તથા સનદના તરીકા પણ બિદઅત છે. જે દસ્તાર તથા સનદથી તમો મુફતી તથા આલિમ બનવાનો દાવો કરો છો તે દસ્તાર બિદઅત તથા સનદ બિદઅત છે. પછી એવા મૌલવી દરેક ચીજને બિદઅત કહે એમાં આશ્ચર્યની શું વાત છે ? કેમ કે બિદઅતના મદ્રસામાં પઢયા ! બિદઅતની સનદ મેળવી ! બિદઅતની દસ્તાર બાંધી અને હવે દરેક ચીજ તેને બિદઅત ન જણાય તો શું જણાય ?!

અવામને છેતરવા માટે વહાબીઓએ એક એ પણ ધોકો આપ્યો છે કે આષારે શરીફહ્‌ની કોઈ સનદ મૌજૂદ નથી તે જૂઠા છે, બનાવટી છે અને તેના માટે હદીષ **મન્ કઝ્ઝબ અલય્ય મુતઅમ્મિદન્** (જેણે જાણી બૂઝીને મારા પ્રત્યે જૂઠ સંબંધિત કર્યું તેનું ઠેકાણું જહન્નમમાં છે) લખીને મુસલમાનોને આક્ષેપ લગાડયા છે.

પ્રથમ તો એ દાવો જ ગલત છે કે તે આષારની સનદ નથી. ઠેકઠેકાણે સનદ મૌજૂદ છે. અને ગૈરમુકલ્લિદ (અહલે હદીષ તરીકે ઓળખાવનાર) પાસે તો કોઈ પણ વસ્તુની સનદ નથી. તેની પાસે જો સનદ માંગવામાં આવે તો તે પરેશાન થઈ જાય ! તો તે કયા મોઢે સનદ માંગે છે ? જાહિલને એ ખબર નથી કે દરેક વસ્તુની સાબિતીના તરીકા અલગ અલગ છે. કયાંક ખ્યાતિ વિશ્વાસપાત્ર હોય છે, કયાંક કેવળ લોકવાયકા, કયાંક





રિવાજ, કયાંક ખબરે વાહિદ (તે હદીષ જેના રાવિઓ મુતવાતિરની હદ સુધી પહોંચેલા ન હોય) કયાંક બે ગવાહો, કયાંક ચાર આદિલ ગવાહો, કયાંક તવાતુર. આષારની સાબિતી તેનામાંથી કયા તરીકાથી થાય છે અને તેના માટે શું જરૂરી છે ? કુર્આને કરીમે આગલી કૌમોના આષારથી બોધપાઠ ઠેકઠેકાણે ફર્માવ્યો છે. જેમ કે, પારા–૨૪, સૂરએ મોમિન, આયત–૨૦માં છે કે (અર્થ) : તો શું તેઓએ જમીન પર સફર નથી કરી કે જોઈ લેત કે કેવો અંજામ થયો તેમનાથી આગલાઓનો તેઓની કુવ્વત અને જમીનમાં જે નિશાનીઓ છોડી ગયા.

શું તે આષારની એવી સાબિતીઓ વહાબીઓની પાસે છે જેવી કે તેઓ સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના આષારના માટે માંગે છે ? અથવા કેવળ અવામમાં ખ્યાતિ જ પૂરતી છે ? અથવા કુર્આને કરીમે તેને વિશ્વાસપાત્ર ઠરાવેલ છે એટલા માટે ? તો પછી બુઝુર્ગાને દીનના આષાર માટે પોતાની તરફથી નિયમો ઘડવા કેમ બિદઅત નથી ? જો વહાબી પર દરેક ચીજની સાબિતીના માટે એવી જ પાબંદી લગાડવામાં આવે તો તે ખૂબ જ પરેશાનીમાં સપડાઈ જાય. આશ્ચર્યની વાત એ છે કે આષારની સાબિતીના માટે તો એને હદીષની જેવી સનદ જોઈએ, પરંતુ આષારને જૂઠા, બનાવટી, નકલી બતાવવાના માટે મામૂલી સાબિતીની પણ જરૂર નથી ! કેવી દિલેરીની સાથે હદીષ **મન્ કઝ્ઝબ અલય્ય મુતઅમ્મિદન....**ને અસ્થાને લખી દીધી ! ન ખુદાનો ખૌફ ન રસૂલની શરમ ! હદીષ શરીફમાં શું બનાવટી અને અન્ય સ્પષ્ટ શબ્દો મૌજૂદ હતા ? **મુતઅમ્મિદન** તેને જોઈને પણ મૂએ શરીફ અને તબર્રુકાતની તાઝીમ કરવાવાળાઓને ઈમાનવાળાઓને રસૂલે કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની બા અદબ ઉમ્મતને, બારગાહે ખુદાવંદીના મકબૂલ બંદાઓને બુઝુર્ગાને, દીનને સૌને દુશ્મનીના કારણે ધોકાબાઝ ઠરાવી દીધા ! અલ્લાહની પનાહ ! જહન્નમી ઠરાવી દીધા ! શું વગર તેહકીકે કોઈને જૂઠો કહેવો જાઈઝ છે ? દિલેરી તો આવી છે અને દાવા તો લાંબાલચ સુન્નતના !

હદીષમાં તો છે કે મોમિનો સાથે નેક ગુમાન કરો. કુર્આને પાકમાં ખુદા તઆલાનો હુકમ છે કે (અર્થ) : **હે ઈમાનવાળાઓ ! ઘણા જ ગુમાનોથી બચો, બેશક ! કેટલાક ગુમાન ગુનાહ હોય છે.** જેની

તફસીરમાં ઈમામ મુહયુસ્સુન્નહ્ અલાઉદ્દીન અલી ઈબ્ને મુહમ્મદ ઈબ્ને ઈબ્રાહીમ બગદાદી પોતાની તફસીર **''લુબાબુત્તાવીલ''**માં ફર્માવે છે, (અર્થ) : **''નેકોની સાથે બુરુ ગુમાન કરવાથી બચો. અલ્લાહ તઆલાએ મોમિનને પોતાના મોમિનભાઈની સાથે બદગુમાની કરવાથી મના ફર્માવ્યું.''** હદીષ તથા કુર્આનનો તો આ હુકમ પણ **સુન્નતની પયરવીના દાવેદારો** તો હદીષ **''મન કઝ્ઝબ અલય્ય મુતઅમ્મિદન....''** ના હેઠળ દાખલ કરે છે ! આ તો કેવળ ગુમાન છે પણ મોમિનનો તો શરીઅતે એ રીતે એહતેરામ કર્યો છે કે કોઈ ફાસિક તેની વિરૂધ્ધ ખબર પણ લાવે તો તે પણ તેહકીક વિના માનવામાં આવશે નહીં. કાલલ્લાહ તઆલા, **યા અય્યુહલ્લઝીન આમનૂ ઈન્જાઅકુમ ફાસિકુન...** (અર્થ) : હે ઈમાનવાળાઓ ! જો કોઈ ફાસિક તમારી પાસે કોઈ ખબર લાવે તો તેહકીક કરી લો કે કયાંક કોઈ કૌમને અજાણતામાં ઈજા ન દઈ બેસો. અને પછી પોતાના કાર્ય પર પસ્તાવો કરતા રહી જાવ.

વહાબીને ન કુર્આનની પરવા છે ન હદીષની ! સૌની વિરૂધ્ધ અમલ અને તેમ છતાં પણ સુન્નતની પયરવી કરવાવાળા હોવાનો દાવો ! હે જાહેરને સજાવનારાઓ ! ભીતર (બાતિન)ને ઈમાનની અસર થવા દો ! દિલોને ઈમાનની બરકતોથી ભરી દો ! સુન્નતની પયરવીના જૂઠા દાવાઓ કામ આવશે. ખુદા તથા રસૂલના હુકમો સમક્ષ સર ઝુકાવો, મુસલમાનો પર બદગુમાની ન કરો, તેઓને પોતાની જીદ તથા પૂર્વગ્રહ વડે જૂઠા ન બતાવો. હુઝૂર સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ તો મુસલમાનોને એહલે કિતાબને જૂઠલાવવાથી પણ મના ફર્માવી અને તે કેવળ એવી ધારણા પર કે કદાચ તે સાચુ કહેતો હોય, એવું હોવા છતાં કે એહલે કિતાબનું સત્ય ભાગ્યે જ જોવા મળશે. બુખારી શરીફની હદીષમાં છે (અર્થ) : **અહલે કિતાબ યહૂદીઓ** તથા **નસારા**ની તસદીક (સમર્થન) પણ ન કરો અને તેમને જૂઠલાવો પણ નહીં. આ હદીષના હાંસિયામાં **અલ્લામા અલી કારી**ની **''મિર્કાતથી''** નકલ કર્યું છે કે (અર્થ) : એહલે કિતાબને જૂઠલાવવાની મનાઈ એ સાવચેતીના કારણે છે કે કદાચ તેઓએ સાચુ કહી દીધું હોય, જો કે તેમનું સાચુ બોલવું ખૂબ જ અંશતઃ છે, પણ જૂઠો પણ કયારેક સાચુ બોલે છે.





આટલી સાવચેતી સાથે હુઝૂર علیہ الصلوٰۃ والتسلیم એ મુસલમાનોને (અહલે કિતાબ) (મૂળ) યહૂદી તથા (મૂળ) નસારાને જૂઠલાવવાની મનાઈ ફર્માવી દીધી. અને **આ સુન્નતની પયરવીનો દાવો કરવાવાળાઓ તે તમામ આયતો, હદીષો અને ખુદા તથા રસૂલના હુકમોની વિરૂધ્ધ જઈને નેક મુસલમાનોને અને આષારે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ને જૂઠલાવે છે, બનાવટી તથા નકલી દર્શાવે છે.** ખુદાવંદે આલમ તેઓના દિલોની કઠોરતા દૂર કરે.

આયતો તથા હદીષોએ બુઝુર્ગોના આષારને જે તેઓની તરફ સંબંધિત તથા મશ્હૂર છે તેને બનાવટી તથા નકલી તથા જૂઠા કહેવાનો તો માર્ગ જ બંધ કરી દીધો. એવું તો તે જ બેબાક (ધૃષ્ટ) (ખુદાનો ડર ન રાખનાર) કહેશે, જે કુર્આન તથા હદીષની વિરૂધ્ધતા માટે તૈયાર હોય. હવે રહી એ વાત કે આષારના માટે કયા પ્રકારની સાબિતીઓ જોઈએ જે માનવામાં આવે ? તેના વિશે ઈબ્ને હજર મક્કી رحمۃ اللہ علیہ નો ઈર્શાદ પણ આગળ વાંચી ગયા જેમાં તેમણે હુઝૂર સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم પર સલામ અર્ઝ કરવાવાળા પથ્થરના વિશે ફર્માવ્યું કે આ મક્કાવાસીઓમાં પેઢી દર પેઢી નકલ થયેલ છે કે આ એ જ પથ્થર છે જે (હુઝૂરને) સલામ અર્ઝ કર્યા કરતો હતો. એનાથી જણાયું કે **મુસલમાનોમાં કોઈ મુતબર્રક (બરકતવંત) ચીજનું રિવાજ બનવું અને એક પછી એક સમયમાં તેનું બુઝુર્ગોની તરફ મન્સૂબ (સંબંધિત) થવું એટલે કે પાછળવાળાઓ આગલાઓથી સાંભળતા આવ્યા હોય તે આષારની સાબિતીના માટે પૂરતું છે.** શરીઅતમાં એવા દ્રષ્ટાંતો મળે છે કે તા'ઝીમ તથા અદબના માટે ગુમાન પણ પૂરતું થઈ શકે છે.

કાઝીખાન વગેરે વિશ્વસનીય માન્યવર કિતાબોમાં છે, (અર્થ) : જો કબ્રસ્તાનમાં રસ્તો (નવો) બનાવ્યો અને એવું ગુમાન થાય છે કે આ નવો કાઢવામાં આવ્યો છે, એટલે કે કબરો પર (બનાવ્યો) છે તો તેના પર ન ચાલો. એટલે કે કબરની અદબના માટે એ જરૂરી નથી કે કબરના વજૂદનું યકીન થાય. અને તેના પર કતઈ દલીલ (સચોટ દલીલ) સ્થાપિત થાય. બલ્કે કબરના એહતેરામના માટે કેવળ અનુમાન પૂરતું છે.

હઝરત ઈમામે અજલ **કાઝી અયાઝ** رضی اللہ عنہ **શિફા શરીફ**માં

ફર્માવે છે, (અર્થ) : હુઝૂરના તમામ સામાનની તાઝીમ અને હુઝૂરના મઝાર તથા મકાન તેમજ હુઝૂરે જોયેલી તથા સ્પર્શેલી ચીજોની તાઝીમ જે હુઝૂરની તરફ સંબંધિત હોય તેની તાઝીમ તથા અદબ એ હુઝૂરની બુઝુર્ગી અને ઈજ્જત દર્શાવવામાં દાખલ છે. એનાથી જણાયું કે કોઈ ચીજની ઈજ્જત તથા અઝમત માટે બુઝુર્ગોની તરફ સંબંધિત (મન્સૂબ) હોવું પૂરતું છે.

અલ્લામા **અલી કારીએ 'શરહે શિફા શરીફ'**માં ફર્માવ્યું છે, (અર્થ) : એનાથી મુરાદ તે તમામ ચીજો છે જે હુઝૂર સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની તરફ સંબંધિત અને પ્રખ્યાત હોય.

હવે તો સ્પષ્ટ થઈ ગયું કે કેવળ નિસ્બત હોવી આષારની તાઝીમને માટે પૂરતું છે.

વિરોધીઓના સર્વમાન્ય મોલ્વી અબ્દુલહય સાહબના વાલિદ સાહબ મોલ્વી અબ્દુલ હલીમ સાહબ ફિરંગી મહલી પોતાની કિતાબ **'નૂરૂલ ઈમાન'**માં અલ્લામા અલી કારીની આ ઈબારત નકલ ફર્માવ્યા બાદ લખે છે, (અર્થ) : નિસ્બતવાળી અને ખ્યાતિ ધરાવતી ચીજોના માટે કેવળ ખ્યાતિ તથા વગર સાબિતીની ખબર જ પૂરતી છે. **હકીકત એ છે કે નિસ્બતને અદબ કરવામાં આવે છે. અઝમતવાળી જાતની તરફ સંબંધિત થવું અદબ કરવાવાળાઓ માટે અદબ તથા તાઝીમ કરવા માટે પૂરતું છે.**

**''નૂરૂલ ઈમાન''**માં છે, (અર્થ) : અહમદ ઈબ્ને ફઝલવિય્યહ ફર્માવતા હતા કે હું કમાનને પાકી વગર હાથ નથી લગાડતો કેમ કે મેં સાંભળ્યું છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ કમાન દસ્તે મુબારકમાં (હાથમાં) લીધેલી છે. અને એ જ પ્રકારમાંથી એ છે કે જે કૂવાઓ અને મસ્જિદો અને સ્થળો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની તરફ સંબંધિત (મન્સૂબ) છે તેની ઝિયારત માટે હાજર થવું મુસ્તહબ છે. સ્પષ્ટ છે કે દરેક કમાનને તો સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ લીધી ન હતી ! પણ જેને (જે કમાન)ને લીધી હતી તેની સાથે નામ માત્રની નિસ્બત રાખવાના કારણે અહમદ ઈબ્ને ફઝલવિય્યહ્ નામે કમાન (એટલે દરેક કમાન)ની એવી અદબ કરવા લાગ્યા કે તેને તહારત (પાકીઝગી) વગર હાથ ન લગાડે ! એને વહાબી આષાર પરસ્તી કહે છે ! (શેઅરનો અર્થ) : **બેઅદબ અલ્લાહના ફઝ્લથી વંચિત રહે છે.**





આ મસ્અલો તો ફિકહ તથા મનાસિકની કિતાબોમાં પુષ્કળ પ્રમાણમાં વર્ણન થયેલ છે કે જે સ્થળ હુઝૂરથી સંબંધિત છે તેની ઝિયારત મુસ્તહબ છે. પણ વહાબીને ન મસાઈલની ખબર, ન કિતાબો પર નજર ! તેના ઈલ્મની અતિશયતા તો એ છે કે દરેક ચીજને બિદઅત કહી દીધા કરે ! અને બુઝુર્ગાને દીનની અદબ તથા તા'ઝીમથી તો તેને ખાસ અદાવત છે ! અહીંના મુશ્રિકોની તો વહાબીઓ ગુલામી કરતા ફરે છે, તેઓની તાઝીમ તથા અદબને તો ફરાઈઝથી વધારે અગ્રિમતા આપે છે પણ અવલિયા તથા અંબિયાની સાથે દુશ્મનાવટ છે જેથી ખુદાની બારગાહના મકબૂલ બંદાઓની તાઝીમ શિર્ક જણાય છે ! અને શરએ મુતહ્હરાના અહકામથી આંખો બંધ છે.

**નૂરૂલ ઈમાન**માં છે, (અર્થ) : એક શખ્સ નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં હાજર થયો. તેણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મેં જન્નતની ચૌખટ ચૂમવાની કસમ ખાધી છે. હુઝૂરે ઈર્શાદ ફર્માવ્યો કે, **''માની પાનીઓ અને બાપની પેશાની ચૂમી લે.''**

મરવી છે કે તેણે અર્ઝ કરી, જો મારાં મા બાપ (હયાત) ન હોય તો ? આપે ફર્માવ્યું, તે બંનેની કબરોને બોસો દે. અર્ઝ કરી, જો કબરો (વિશે) ખબર ન હોય તો ? ફર્માવ્યું કે, બે લીટીઓ ખેંચ અને નિય્યત કર કે તેમાંથી એક માની કબર છે અને બીજી બાપની છે અને **તે બંનેને બોસો દે તો કસમ ઉતરી જશે.**

આ રિવાયત વિરોધીઓના મકબૂલ તથા માન્યવર પેશ્વા મોલ્વી અબ્દુલહય સાહબના વાલિદે માજીદ મોલ્વી અબ્દુલહલીમ સાહબ ફિરંગી મહલીએ લખી. તેનાથી સ્પષ્ટ પરિણામ નીકળ્યું છે કે **કબર ધારી લઈને તેનો એહતેરામ કરવો પણ તે કબરવાળાનો એહતેરામ છે.** અને **નાલૈન શરીફૈન** (હુઝૂરના પગરખાં મુબારકનો નકશો) અને તેના નકશાઓની ઝિયારત અને તેનાથી બરકત હાંસલ કરવી હમેશાંથી સાલેહીન નેકબખ્ત મો'મિનોનો દસ્તૂર છે. અકાબિર ઉલમાએ કિરામે તેના બાબત કિતાબો લખી છે. સ્પષ્ટ છે કે મુબારક **નઅલનો નકશો નઅલ** તો નથી જ પણ તેના વડે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નાં પગરખાં મુબારકની યાદ આવી જાય છે. એહલે મહોબ્બત તથા અકીદતવાળાઓ માટે એટલું જ પૂરતું છે.

અલ્લામા અલી કારી رحمۃ اللہ علیہ **"મસ્લકે મુતકસ્સિત"**માં ફર્માવે છે : (અર્થ) ખુલાસો એ છે કે, **જે ચીજની તરફ નજર કરવું હક્કની તરફ વાળે અને ખુદાની યાદ અપાવે તે ઈબાદત છે.**

એમાં કોઈ શંકા નથી કે **"આષારે શરીફહ્"** ની ઝિયારતથી ખુદા યાદ આવે છે અને મહબૂબે કિબરિયા صلی اللہ تعالیٰ علیہ وسلم ની મહોબ્બતમાં વધારે થાય છે, એ કારણે **તેની ઝિયારત ઈબાદતમાં દાખલ થઈ.**

જો કે આ ચર્ચામાં હજી પણ વધુ દલીલો રજૂ કરી શકાય છે. પણ **અલ્હમ્દુલિલ્લાહ** જેટલું લખવામાં આવ્યું છે તે બુધ્ધિશાળી અને ઈન્સાફના ચાહકના સંતોષ માટે અને જાહિલ પૂર્વગ્રહવાળાની બોલતી બંધ કરવા માટે પૂરતું છે.

وَمَا عَلَيْنَا إِلَّا الْبَلَاغُ الْمُبِينُ


GRWB/REG. No. : 056/Bharuch/02

**★ મદ્રસા બરકાતે ખ્વાજા ★**

ઠે. ચાર રસ્તા, મસ્જિદે રઝા પાસે, મુા. આમોદ, જિ. ભરૂચ

☆ આ દીની સુન્ની ઈદારામાં તજવીદની સાથે સહીહ મખરજની અદાયગીની તાલીમ સાથે હાફિઝે કુર્આન બનાવવામાં આવે છે.

☆ જેઓ કેવળ કિરાઅતની તાલીમ તથા સહીહ ઉચ્ચારથી કુર્આન પઢવાનું મહત્વ સમજતા હોય, **કારી** બનવા ચાહતા હોય તેમને તાલીમ આપવામાં આવે છે.

☆ તેમજ સાથોસાથ અખ્લાકી તાલીમની ખાસ કાળજી, નમાઝની પાબંદી, અમામાની પાબંદી, સુન્નતોની પાબંદીની તાલીમ આપવામાં આવે છે.

☆ અવાર નવાર તર્બિયતી કેમ્પોનું આયોજન કરી દીની ઈલ્મ શીખવીને દીનના મુબલ્લિગ બનવા ચાહતા યુવાનોને શરીઅતના મસાઈલ તથા અખ્લાકિયાતની તાલીમ તથા સુન્નતોની તાલીમ આપવામાં આવે છે.

એ માટે કૌમના સખીદાતા આ મદ્રસા પ્રતિ સહકારનો હાથ લંબાવે તેવી અપીલ છે. ઉપરોકત સરનામે સંપર્ક કરશો.

*–લિ. પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી*






بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَنُصَلِّيْ عَلٰى رَسُوْلِهِ الْكَرِيْمِ

# પાક તબર્રુકાતના મુન્કિરોનાં "નાપાક" તબર્રુક !

**(સંપાદક : પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી)**

**(કિતાબ : "ગોદડીથી ગંગોહ સુધી"ના સૌજન્યથી)**

આગળ કિતાબમાં આપ તબર્રુકાતની તાઝીમ તથા બરકત વિશે વાંચી ગયા. ઈમાનવાળાઓનું દિલ તો ખીલી ઉઠયું હશે, ઈન્શાઅલ્લાહ... સાથોસાથ આપની જાણકારીને વધારવા તેમજ **વહાબી, તબ્લીગી, દેવબંદી** બાતિલ મઝહબની પોકળતા અને ગંદકીને પણ નિહાળી લો. **આ વાતો અમારે ન છૂટકે લખવી પડે છે** જેથી એક સમજુ અને બાનસીબ ઈમાનનો દાવેદાર આ ઢોંગી ધતૂરાઓથી ઓર નફરત કરી તેઓથી દૂર થઈ જાય, ભલે પછી તેની સાથે **ગમે તે સગાઈ હોય** તેને તિલાંજલિ આપી દે તો ઈન્શા અલ્લાહ દુનિયામાં તેમજ આખેરતમાં આરામથી નૂરાની જિંદગી જીવી શકશે.

**(૧) નાનીનું પાખાનું :–** "આપણે જો વલીઓના ઉર્સનું સંદલ અથવા વલીઓના મઝાર પરથી ઉતારેલું પાણી, ફૂલ, ન્યાઝ કે તબર્રૂકનું પડીકુ દેવબંદીઓને દઈએ તો જાણે તેમનાં હાથમાં જીવતો વીંછી દેતા હોઈએ તેમ ભડકી જાય છે ! **બિદઅત ! હરામ ! નાજાઈઝ ! શિર્ક !** નાબરાડા પાડવા લાગી જાય છે. વલીઓના ગિલાફ ચૂમીએ તો તબ્લીગવાળાઓની છાતી માથે સાપ આળોટવા લાગે છે.

તો આપણે જોઈએ કે તેઓ આપણાં તબર્રૂકને તો હરામ સમજે

છે, પણ પોતાના પીરો અને પેશ્વાઓની વસ્તુ અને પેશ્વાઓની નાની (મોટીમાં)ની વસ્તુ (ગમે તેવી) ને તબર્રૂક સમજીને કેવા અકીદતના ઓડકાર ખાવા લાગે છે તેની ઝલક જોઈએ :–

**તબ્લીગી જમાઅત**ના જન્મદાતા અને **ફિત્નાના ફજર ફાળ કા**ના સંશોધક મૌલ્વી ઈલ્યાસ કાંધલ્વી સાહબની નાનીને હઝરત રાબીઆ બસીત સીરત વર્ણવેલ છે. *(દીની દઅવત, પેજ–૪૧)* તેમની મૃત્યુ વેળા જે હાલત થઈ હતી તૌબા ! તૌબા ! અલ્લાહની પનાહ ! **તેઓની જ ઝબાની સાંભળો :–**

''બી ઉમ્મી (ઈલ્યાસ કાંધલ્વીનાં નાની)ની ઉમ્ર ઘણી લાંબી થઈ અને તેમણે નવાસાઓની ઔલાદને જોઈ. આખર ઉમ્રમાં આંખથી તથા ચાલવા ફરવાથી મજબૂર થઈ ગઈ હતી. મૌત સમયની બીમારીમાં ત્રણ વરસ લાંબો સમય પથારીવશ રહી, પરંતુ ન દિલ અને ઝબાની ઝિક્રુલ્લાહમાં ફરક પડયો અને ન સબ્ર તથા ખૂશી છૂટી જવામાં કમી અનુભવી. જે દર્દીને ત્રણ વરસ મરડા, જુલાબના દર્દમાં એવી રીતે પસાર થાય કે પડખું ફેરવવું પણ મુશ્કેલ હોય તેના બારામાં એ ખયાલ **શંકા વિનાનો હતો કે પથારીની દુર્ગંધ ધોબીને ત્યાં પણ ન જશે.** પરંતુ જોવાવાળાઓએ જોયું કે ગુસલ માટે ખાટલા ઉતરથી ઉતારતાં પોતડાં (ગંદા ગાભા) કાઢવામાં આવ્યા તો તેમાં દુર્ગંધની જગાએ ખૂશ્બૂ અને એવી નિરાલી મહેંક ફૂટતી કે એકબીજાને સુંઘાડતા અને દરેક મર્દ તથા ઔરત આશ્ચર્ય કરતાં હતાં. એટલે વગર ધોવડાવ્યે તેને **(પોતડાંને) તબર્રૂક બનાવી રાખી લેવામાં આવ્યાં.** (કિતાબ 'તઝકેરતુલ ખલીલ, પેજ–૯૬, ૯૭)

**ઈન્સાફને અવાજ આપો ! કયાં છે ? હે દેવબંદીઓ ! ઈસ્લામની મુકદ્દસ હસ્તીઓના તબર્રુકાતની તાઝીમ તથા ફઝીલત શરીઅતથી સાબિત હોવા છતાં** તેનાથી નફરત કરવું અને તમારા મૌલાનાની નાનીની મળમૂત્રથી તરબતર ગોદડી પર ઈતરાવું, ગર્વ લેવો, તબર્રુક બનાવવું એ કયાંનો ઈન્સાફ છે ?!

આપણે અલ્લાહના વલીઓના તબર્રુકની, ન્યાઝ સંદલની અદબ કરીએ, ખાઈએ તો શિર્કના સાપોના ભારા આપી દેવામાં આવે છે, તેનાથી





ઉલ્ટુ મૌલાના ઈલ્યાસની નાની ઉમ્મીબીની મળમૂત્રના સાગરમાં તરબતર ગોદડીનાં પોતડાં વગર ધોવડાવ્યે તબર્રુક સમજી રાખી લેવામાં આવે તો ત્યાં તો શિર્કને **સુંદર સસલું બનાવી રમાડવામાં આવે છે !** અને શરમની વાત કે ગંદા ગાભાઓને **''તબર્રુક''** નામ આપવામાં આવે છે !

સાચી વાત છે, ભૂંડોને બાગ, બગીચાઓથી અને ફૂલોના ગુચ્છાઓથી શું લાગે વળગે ? તેમને તો ગટરો અને ઉકરડા જ ભલા ! તેમ આ બેશરમો, ગુસ્તાખ નાપાક લોકો તો નાપાકી (મળમૂત્ર)ને તબર્રુક ન સમજે તો કોને તબર્રુક સમજે ! **ખબીષ (ગંદી) વસ્તુ ખબીષો માટે છે.**

જે આવી સુગંધીદાર (!) તબર્રુક (ઉમ્મી બીની ગંધાતી ગોદડી) સુંઘી ગયો હોય તો તે બિચારા શાદીના સેહરાની ખૂશ્બૂ કયાંથી સહન કરી શકે ! બિચારા વલીઓની કબરો પર ચડતાં ફૂલો અને વલીઓની તબર્રૂક, ૧૧મી શરીફની નિયાઝ કયાંથી પચાવી શકે ?! બિચારા એ સુગંધથી એવા તો હરખાઈ ગયા, એવા તો હરખાઈ ગયા કે **(છુપાવવા જેવા હરખને) ''તઝકેરતુલ ખલીલ''**માં એ હરખના ઉબકા ઠાલવી દીધા ત્યારે તેમને શાંતિ મળી !

આ પણ ખુદાએ પાકની નિરાલી શાન છે કે, પાક ઝાતે પોતાના પ્યારા નબીના ગુસ્તાખો અને વલીઓના દુશ્મનોના પાપ તેમના જ હાથે તેમની કિતાબોમાં લખાવી દીધાં. **(આવા ગંદા ધરમથી તો અલ્લાહની પનાહ !)**

સુન્નીઓને **કબ્ર પરસ્ત કહેનારાઓ બતાવે કે આ પોતડાં પરસ્તી** નથી ?

**(૨) અજબ તમાશો !!! :–** દેવબંદીઓના પેશ્વા મૌલ્વી રશીદ અહમદ ગંગોહી સાહબને મુહર્રમની ન્યાઝ, ખીચડા, શરબત અને સબીલે હુસૈનના પાણીથી કેટલી નફરત છે તે જુઓ; લખે છે : ''મુહર્રમમાં ઈમામ હુસૈનની શહાદતનો ઝિક્ર કરવો, ભલે સાચી ઈબારતોના આધારે હોય, સબીલ લગાડવી, શરબત પીવડાવવું તથા એ કામમાં ચંદો આપવો અથવા દૂધ પીવડાવવું આ બધું નાદુરસ્ત, અયોગ્ય છે, બલ્કે રાફઝીઓની નકલને લીધે હરામ છે.'' (ફતાવાએ રશીદિય્યહ્ કામિલ, પેજ–૧૪૭)

હવે મૌલ્વી રશીદ અહમદના ફત્વાની **બેધારી તલ્વાર** જુઓ. પૂછવામાં આવ્યું કે, "હિન્દુઓ દિવાળીના દિવસે તોહફારૂપે પૂરી, ખીર કે બીજી વસ્તુઓ ખાવાની મોકલે તો ખાવી દુરસ્ત છે કે નહીં ?" તો જવાબ મળ્યો કે :– **દુરસ્ત છે.** (ફતાવાએ રશિદિય્યહ્ કામિલ, પેજ–૪૮૮)

હિન્દુસ્તાનમાં અનેક ધર્મના લોકો રહે છે, વતની ભાઈઓ છે જેથી શરઈ હદમાં રહી જે વ્યવહાર થતો હોય તેમાં કોઈ વાંધો નથી હોતો. અહીં ચર્ચા એ વિષયની છે કે ઈમામ હુસૈન رضی اللہ عنہના માટે ઈસાલે ષવાબ કરવા, નઝરો નિયાઝ રજુ કરવા સવાબની નિય્યતથી જે ચીજો કરવામાં આવે તેમાં તેમને વાંધો જણાયો ! અને હિંદુઓની ઘરેના દિવાળીનું ખાણું જે આવે છે તે બેનિય્યતી તો નથી જ. તેના પાછળ ઉદ્દેશ એ હોય છે કે રામજીએ વનવાસ પૂરો કરી રાવણને હરાવીને યુધ્ધની ફતેહ કરી પાછા અયોધ્યા આવ્યા અને તેની ખુશાલીની યાદગારનો આશય કે નિય્યત હોય છે. મોલ્વી રશીદ અહમદ સાહબ ! અહીં દિવાળીની પૂરી કચોરીની મજા લૂંટવામાં આપનું શિર્ક કયાં સંતાઈ ગયું ? જ્યારે મુહર્રમના શરબતો એ મુકદસ સાદાતોના કાફલા ઉપર થયેલા જુલ્મો સિતમ અને આપ (ઈમામે હુસૈન)ના સબ્રો ઈસ્તેકલાલ (અડગતા) ને નજરમાં રાખી તેમજ બાતિલ તાકતો સામે સર કપાવ્યું પણ દીનની અઝમતને સલામત રાખી દુનિયાને એક નિરાલો, સબ્રથી ભરપૂર બોધપાઠ આપનાર શહીદે આ'ઝમ, સરકારે મદીનાના લાડલા નવાસાની રૂહને ખીચડો શરબત વગેરે કરીને સવાબ નઝર કરવામાં આવે તો તે બિદઅત કેમ ? શિર્ક કેમ ? હરામ કેમ ?

હિન્દુઓ દિવાળીના દિવસે જે કાંઈ કરે તે રામને ભગવાન માનીને કરે છે ત્યારે ઈમામ હુસૈન અથવા ગૌષપાક કે અન્ય વલીઓની ન્યાઝ મુસલમાનો કરે છે તો તે કાંઈ બુઝુર્ગોને ખુદા સમજીને નથી કરતા પણ ખુદાના મકબૂલ અને પ્યારા બંદા સમજીને, ફાતેહા પઢીને કરે છે. અને તેમાંય ખાસ વાસ્તે અલ્લાહ કહીને એ બુઝુર્ગોની રૂહને સવાબ નઝર કરે છે. છતાં આ શિર્ક અને તે શિર્ક નહીં !





## (૩) પાયખાનાને સંદલ અને પેશાબને ગુલાબજળ બનાવ્યાં :–

લખાણ ટૂંકાવતાં છેલ્લે છેલ્લે મૌલ્વી રશીદ અહમદ ગંગોહી સાહબના એક અજબ તબર્રુકનું રાઝ પણ જાણી લઈએ :–

મૌલ્વી રશીદ અહમદ ગંગોહી સાહબ હજ્જનો સફર કરી પોતાના ભાઈથી વિશેષ મૌલાના અબુન્નસીર સાથે વતન ગંગોહ પાછા આવતા હતા. રસ્તામાં બિમાર થઈ ગયા. તો કેવી તકલીફ વેઠીને મૌલાના અબુન્નસીરે તેમની ખિદમત કરી તેનું વર્ણન કરી ખૂદ ગંગોહીજીની ઝબાનથી સાંભળો :–

"હઝરત ઈમામે રબ્બાની (રશીદ અહમદ ગંગોહી સાહબ)ની ઝબાનથી અવારનવાર સાંભળવામાં આવ્યું કે, આપ ફર્માવતા કે, "આવું સગો ભાઈ પણ ન કરી શકત જેવું અબુન્નસીરે મારી સાથે (વર્તન કર્યું). માની જેમ મહોબ્બતથી પોતાની ગોદમાં લઈ પેશાબ પાયખાનું (ગંગોહીજીને) કરાવતા હતા." મૌલ્વી અબુન્નસીર સાહેબનાં કપડાં હમેશાં ખુજલીના લોહી પરુમાં ભરાઈ જતાં અને અવારનવાર પાયખાના પેશાબમાં પણ ભરાઈ જતાં હતાં. પરંતુ મૌલ્વી (અબુન્નસીર) સાહેબ મર્દાનાવાર પોતાના કપડાં અને શરીર અને ખૂદ હઝરત (ગંગોહીજી)ના કપડાં અને શરીર દરરોજ ધોતા અને કંઈ જ ખચકાટ કરતા ન હતા. **જાણે કે પાયખાનાને સંદલ અને પેશાબને ગુલાબજળ બનાવી લીધાં હતાં.** (તઝકેરતુર્રશીદ, ભાગ–૧, પેજ–૨૦૯)

દેવબંદીઓ ! **પાયખાનાને સંદલ** અને **પેશાબને ગુલાબજળ** સમજવાનો સબક તમને મુબારક !!! ગંદકીનાં તળાવસમા તમારા પીરોના તબર્રુક **મળમૂત્રના દરિયામાં** તમે તર્યા કરો !! ખુદાના મહબૂબ બંદાઓથી અદાવતની આ સજા તમને દુનિયામાં મળી રહી છે, અને આ દુર્ગંધની આ પ્રેકટીસ જહન્નમમાં અતિ દુર્ગંધ વેઠવા કદાચ કામ આવશે !

ખુદાના મહબૂબ બંદાઓની મહોબ્બત તથા અકીદતમાં કાંઈ કરવામાં આવે તો શિર્ક, બિદઅત, હરામ, કુફ્રની બૂમો પાડનારાઓની આ જમાઅત એક રેલગાડી જેવી છે જેમાં કોઈ મુહમ્મદ અબ્દુલ

વહ્હાબના અકીદાનું એન્જીન છે અને કોઈ રશીદ અહમદ ગંગોહી, કોઈ ઈલ્યાસ કાંધલ્વી, કોઈ અશરફઅલી થાનવી, કોઈ મુહમ્મદ કાસિમ નાનોત્વી (વિગેરે મોલ્વી સાહેબો) તાલીમી ડબ્બાઓ છે અને આ ગાડી છુક – છુક – છુક – અવાજ નથી કરતી પણ શિર્ક, બિદઅત, હરામ, કુફ્રના હાંકલા પડકારા કરતી પુરપાટ ઝડપે પેસેન્જરોને (જે તેના અકીદા પ્રમાણે ચાલનારાઓને) ડાયરેકટ નોનસ્ટોપ જહન્નમ જંકશન લઈ જાય છે.

**વહાબીયોંમેં શર્મ કા કુછ ભી અસર નહીં**
**હૈ એ'તરાઝ ગૈરોંપે, અપની ખબર નહીં !**

જેઓ વહાબીઓની જાહેરી નમાઝ, રોઝા વગેરે પર અમલની કસરતને જોઈને તેમના તરફ આકર્ષાયને **છે બાતેં, સાત બાતેં, બહિશ્તી ઝેવર, તબ્લીગી નિસાબ** જેવી પાંચ કિતાબો પઢીને ખેંચાયા હોય તેઓ આ બહુરૂપિયા અને બેવડી નીતિવાળા બદમઝહબોની બરાહીને કાતિઅહ્, અરવાહે સલાષા, અશ્શરફુસ્સવાનેહ, તહઝીરુન્નાસ, તઝકેરતુર્રશીદ, બલગતુલ હયરાન વગેરે કિતાબોનો અભ્યાસ પણ કરે અને ઈમાનથી ખાલી એવા કેવળ જાહેરી ઈબાદતો પાછળ છુપાયેલા તેઓના ભયાનક કુફ્રી ચહેરાઓને જોઈ લે અને તે બાતિલ અકીદાવાળાઓથી દૂર થઈને તૌબા કરી લે એમાં જ બંને જહાનની ભલાઈ છે.

**ચેતવણી :–** સુન્નીઓને પણ ચેતવણી રૂપે બે અંતિમ શબ્દો કહું છું કે જે રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની મહોબ્બતનો તમે દમ ભરો છો, જે આલે રસૂલના જાંનિષાર અને ચાહક હોવાનો દાવો કરો છો તેમના જ દુશ્મનો વહાબી, દેવબંદી, તબ્લીગી, મવદૂદી, ગૈરમુકલ્લિદ, કાફિર, મુર્તદ લોકોને **તમો હજી સગા બનાવ્યે જ જાવ છો અને જાણી બુઝીને જહન્નમની રાહ પકડી રહ્યા છો !** તમે શા માટે શિઆ, રાફઝી, ખારજી વગેરેથી શાદી વિવાહ નથી કરતા ? એટલે જ ને કે તેઓ સહાબીઓ તથા અહલે બૈતના ગુસ્તાખો છે, જેમનાથી અલગ થઈ જવા આપણા બુઝુર્ગોએ જે તે સમયે ફત્વા આપ્યા, શાદી વિવાહ હરામ ઠરાવી અને તેના પર આજ સુધી આપણા પૂર્વજો અમલ કરતા આવ્યા. તો તે જ પ્રમાણે





હાલના બાતિલ ફિર્કાવાળા વહાબીઓ કે જેઓ ખુદા વ રસૂલે પાકના જ ગુસ્તાખ છે, જેઓ રસૂલને પોતાના જેવા મામૂલી બશર (ઈન્સાન) સમજે છે (મઆઝલ્લાહ) અને તરત તરહની બેઅદબી કરે છે, હુઝૂરના મૂએ મુબારક તેમજ ખુદાના મહબૂબ બંદાઓના તબર્રુકાતથી નફરત કરે છે, તેમને શા માટે સંબંધી કે સગો બનાવી જહન્નમનો માર્ગ મોકળો કરો છો ? ઈમાનની દૌલતને શા માટે ખતરામાં નાંખો છો ? કોઈ પટેલ, પઠાણ, મિર્ઝા, કુરૈશી ગમે તે અટક ધરાવતો હોય પણ અગર તેના અકીદા ખરાબ થયા, તો અટકને ન જોશો પણ તેની બગાવતને ધ્યાનમાં રાખી તેનાથી સંબંધ કાપી નાખો અને જો આ બાબત પ્રત્યે ધ્યાન નહીં રાખો તો તમારા તથા તમારી ઔલાદના ઈમાનની તબાહી માટે આ જ બાબત ભયાનક પૂરવાર થશે, જેમ કે કેટલાય દાખલા આપણી સમક્ષ મૌજૂદ છે. જે રસૂલે અરબી صلی اللہ تعالیٰ علیہ وسلم નો નથી તે આપણો કે આપણો સગો સંબંધી કયાંથી ?

દુનિયવી તમામ વેપાર વ્યવહારમાં દરેક વાતને સ્પષ્ટતા પૂર્વક કરો છો, પૈસાની તજવીજ વગેરેમાં ચોકસાઈ રાખો છો, તો સંબંધીઓથી આવી સ્પષ્ટતા કેમ નથી કરતા જે ઈમાનની સલામતી માટે અનિવાર્ય છે, જેનું ઈમાન ગયું અને કુફ્રની હાલતમાં મર્યો તો તે યકીનન કાયમી જહન્નમી અઝાબી થશે જ, એમાં જરાય શંકા નથી. તો આ ક્ષણિક દુનિયા માટે કાયમી જિંદગી સાથે શા માટે ખેલ કરો છો ?

મૌલા તઆલા મૂએ મુબારકના સદકામાં મુસલમાનોને હક્ક સમજી, હક્ક પર અમલ કરવાની નેક તૌફીક બખ્શે, આમીન બિજાહિન્નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم

وَمَا عَلَيْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِيْن

## ☆ મનકબત દરશાને આ'લા હઝરત ☆

**અઝ :** મુબલ્લિગે ઈસ્લામ હઝરત મૌલાના શાહ અબ્દુલ અલીમ મેરઠી رحمۃ اللہ علیہ

તુમ્હારી શાન મેં જો કુછ કહૂં ઉસસે સિવા તુમહો,
કસીમે જાને ઈર્ફા અય **શહે અહમદ રઝા** તુમ હો !

ગરીકે બેહરે ઉલ્ફત મસ્ત જામ બાદએ વેહદત,
મુહીબ્બે ખાસ **મન્ઝૂરે હબીબે કિબ્રિયા** તુમ હો !

જો મર્કઝ હૈ શરીઅત કા મદાર એહલે તરીકત કા
જો મહ્વ રહે હકીકત કા વો **કુત્બુલ અવલિયા** તુમ હો !

યહાં આકર મિલી નહરેં શરીઅત ઔર તરીકત કી,
ઐ સીના મજમઉલ બહરૈન ઐસે **રહનુમા** તુમ હો !

હરમવાલોંને માના તુમકો અપના કિબ્લા વ કા'બા,
જો કિબ્લા એહલે કિબ્લાકા હૈ વો **કિબ્લાનુમા** તુમ હો !

અરબમેં જાકે ઈન આંખો ને દેખા જિસકી સૂરત કો,
અજમ કે વાસ્તે લા રયબ વો **કિબ્લાનુમા** તુમ હો !

તુમ્હીં ફૈલા રહે હો ઈલ્મે હક્ક અકનાફ આલમ મેં,
ઈમામે અહલે સુન્નત **નાઈબે ગૌષુલવરા** તુમ હો !

ભિકારી તેરે દરકા ભીક કી જોલી હૈ ફૈલાએ
ભિકારી કી ભરો જોલી **ગદા કે આસરા** તુમ હો !

'વફી અમ્વાલિહિમ હક્કુન' હર એક સાઈલ કા હક્ક ઠહરા,
નહીં ફિરતા કોઈ મેહરૂમ ઐસે **બા સખા** તુમ હો !

**'અલીમ'** ખસ્તા ઈક અદના ગદા હૈ આસ્તાને કા
કરમ ફર્માનેવાલે હાલ પર **ઉસકે શહા** તુમ હો !

☆ ☆ ☆





## ☆ કૌન જાએ દર તુમ્હારા છોળ કર ☆

(અઝ : ઉસ્તાદે ઝમન હસન રઝા બરેલ્વી સાહબ)

સૈરે ગુલશન કૌન દેખે દશ્તે તય્બહ્ છોળ કર
સૂએ જન્નત કૌન જાએ દર તુમ્હારા છોળ કર

સર ગુઝિશ્તે ગમ કહૂં કિસ સે તેરે હોતે હુએ
કિસ કે દર પર જાઉં તેરા આસ્તાના છોળ કર

બેલિકાએ યાર ઉન કો ચૈન આ જાતા અગર
બારબાર આતે ન યૂં જિબ્રઈલ સિદરહ્ છોળ કર

કૌન કહતા હય દિલે બે મુદ્દઆ હય ખૂબ ચીઝ
મંય તો કોળી કો ન લૂં ઉન્કી તમન્ના છોળ કર

મર હી જાઉં મૈં અગર ઉસ દરસે જાઉં દો કદમ
કયા બચે બિમારે ગમ કુર્બે મસીહા છોળ કર

કિસ તમન્ના પે જીયેં યા રબ અસીરાને નફસ
આ ચૂકી બાદે સબા બાગે મદીના છોળ કર

બખ્શવાના મુઝ સે આસીકા રવા હોગા કિસે
કિસ કે દામન મેં છુપૂં દામન તુમ્હારા છોળ કર

ખુલ્દ કૈસા નફસ સર કશ જાઉંગા તય્બહ્ કો મૈં
બદ ચલન હટકર ખળા હો મુઝ સે રસ્તા છોળ કર

હશ્ર મેં એક એક કા મુંહ તકતે ફિરતે હંય અદૂ
આફતોં મેં ફંસ ગએ ઉનકા સહારા છોળ કર

મર કે જીતે હંય જો ઉનકે દર પે જાતે હંય "હસન"
જીકે મરતે હંય જો આતે હંય મદીના છોળ કર

☆ ☆ ☆